## ઈસ્લામના ત્રીજા ખલીફા
## અમીરુલ મો'મિનીન

# હઝરત ઉષ્માન ગની
رضی اللہ عنہ

:: સંપાદક ::


**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,

પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧,

૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૯૫ આવૃત્તિ-૨ પ્રત : ૪૫૦૦

૨૩-રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૩૩ ઓગસ્ટ-૨૦૧૨

**નૂરાની આર્ટ-દયાદરા**

**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

**કિંમત**

**રૂા. ૧૫/-**


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ❊ નામ તથા વંશવેલો | 05 |
| ❊ ઈસ્લામ સ્વીકાર અને મુસીબતો | 06 |
| ❊ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની ફઝીલત કુર્આનમાં | 06 |
| ❊ હઝરત ઉષ્માન ગનીની ફઝીલત હદીષોમાં | 10 |
| ❊ આપની ખિલાફત | 17 |
| ❊ એક વાંધાનો જવાબ | 22 |
| ❊ આપનો પ્રથમ ખુત્બો | 25 |
| ❊ આપના ખિલાફતકાળના વિજયો | 27 |
| ❊ આપની કરામતો | 30 |
| ❊ આપની સખાવતનો એક અજીબ બનાવ | 32 |
| ❊ આપની શહાદત | 34 |
| ❊ ઘેરાવમાં સખ્તી | 38 |
| ❊ બળવાખોરોનું આપને શહીદ કરવું | 41 |
| ❊ શહાદત પર હઝરત અલી کرم اللہ وجہہ الکریم નો ગુસ્સો | 43 |

## بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

### نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ　اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ　اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

દુનિયાને લગભગ એક લાખ ચોવીસ હજાર અથવા બે લાખ ચોવીસ હજાર અંબિયાએ કિરામ علیہم السلام એ પોતાના મુબારક ક઼દમો વડે સરફરાઝ ફર્માવી. આ હઝરાત ઔલાદવાળા પણ થયા, તેમને પુત્રો પણ હતા પુત્રીઓ પણ હતી. તો જે લોકો સાથે અંબિયાએ કિરામ علیہم السلام એ પોતાની સાહબઝાદીઓને સંબંધિત કરી યક઼ીનન ! તેઓ ઈજ્જત તથા અઝમતવાળા થયા, એટલા માટે કે અલ્લાહના નબીના જમાઈ થવું એ એક મહાન મર્તબો છે જે ખુશનસીબ માણસોને જ નસીબ થાય છે. પણ આ બાબતે જે વિશિષ્ટતા અને અનોખાપણુ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ ને હાંસલ છે તે કોઈને નથી મળ્યું કે હઝરત આદમ علیہ السلام થી લઈને હુઝૂર ખાતમુન્નબીય્યિન صلی اللہ علیہ وسلم સુધી કોઈના નિકાહમાં નબીની બે પુત્રીઓ નથી આવી. પરંતું હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના નિકાહમાં કેવળ નબી નહીં બલ્કે નબીયુલ અંબિયા તથા સૈયદુલ અંબિયા જનાબ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم ની બે સાહબઝાદીઓ એક પછી એક નિકાહમાં આવી.

અને કેવળ એ જ નહીં બલ્કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી ત્યાં સુધી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નો આ



ઈર્શાદ સાંભળ્યો છે કે આપ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ થી ફર્માવતા હતા કે, ''જો મારી ચાલીસ પુત્રીઓ પણ હોત તો એક પછી એક હું તે સૌના નિકાહ હે ઉષ્માન ! તમારી સાથે કરી આપત, ત્યાં સુધી કે કોઈ પણ બાકી ન રહેતી.'' *(તારીખુલ ખુલફા–૧૦૪)*

અને બયહક઼ીએ પોતાની સુનનમાં લખ્યું છે કે અબ્દુલ્લાહ જુઅફી વર્ણવે છે કે મને મારા મામા હુસૈન જુઅફીએ પૂછયું કે તમને ખબર છે કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નો લક઼બ 'ઝુન્નૂરૈન' શાથી છે ? મેં કહ્યું કે નહીં ! તેમણે કહ્યું કે હઝરત આદમ علیہ السلام થી લઈને ક઼યામત સુધી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ સિવાય કોઈ શખ્સના નિકાહમાં કોઈ નબીની બે સાહબઝાદીઓ આવશે નહીં. એટલા માટે આપને 'ઝુન્નૂરૈન' કહે છે આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**નૂર કી સરકારસે પાયા દોશાલા નૂરકા**
**હો મુબારક તુમકો ઝુન્નૂરૈન જોળા નૂરકા**

સરકાર صلی اللہ علیہ وسلم એ એલાને નબુવ્વત પહેલાં પોતાનાં સાહબઝાદી હઝરત રુકૈયા رضی اللہ عنہا ના નિકાહ આપનાથી કર્યા હતા જે ગઝવએ બદરનાં મોક઼ા પર બીમાર હતાં અને તેમની જ ચાકરીના સબબે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ એ જંગમાં શરીક ન થઈ શક્યા અને સૈયદે આલમ صلی اللہ علیہ وسلم ની ઈજાઝતથી મદીના તયબહમાં જ રહી ગયા હતા પણ કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને બદરના માલે ગનીમતમાંથી હિસ્સો અર્પણ કર્યો હતો એટલા માટે આપ બદરીઓમાં ગણાય છે. ગઝવએ બદરમાં મુસલમાનોના વિજય પામવાની ખુશખબરી લઈને જે વખતે હઝરત ઝયદ બિન હારિષા رضی اللہ عنہ મદીના મુનવ્વરા પહોંચ્યા તે વખતે હઝરત રુક઼ૈયા رضی اللہ عنہا ને દફન કરવામાં આવી રહ્યાં હતાં. તેમના ઈન્તેકાલ કરી ગયા પછી હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم એ પોતાની બીજી પુત્રી

હઝરત ઉમ્મે કુલ્સૂમ رضی اللہ عنہا ના નિકાહ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની સાથે કરી આપ્યા તો તેમનો પણ હિ.સ. ૯ માં વિસાલ થઈ ગયો. સારાંશ કે આ રીતે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ 'ઝુન્નૂરૈન' (બે નૂરવાળા) થયા. આપના એક સાહબઝાદા હઝરત બીબી રુકૈયા رضی اللہ عنہا ના પેટ મુબારકથી પેદા થયા હતા જેમનું નામ 'અબ્દુલ્લાહ' હતું. તે પોતાની મા પછી છ વરસની ઉમર પામીને ઈન્તેકાલ કરી ગયા અને હઝરત બીબી ઉમ્મે કુલ્સૂમ رضی اللہ عنہا થી આપની કોઈ ઔલાદ નથી થઈ.

### ★ નામ તથા વંશવેલો ★

આપનું નામ ઉષ્માન, કુન્નિયત અબૂ ઉમર અને લકબ ઝુન્નૂરૈન છે. આપના વંશનો ક્રમ આ પ્રમાણે છે : ઉષ્માન ઈબ્ને અફફાન ઈબ્ને અબુલ આસ ઈબ્ને ઉમૈયા ઈબ્ને અબ્દુશશમ્સ ઈબ્ને અબ્દે મુનાફ. એટલે કે પાંચમી પેઢીએ આપનો વંશ રસૂલુલ્લાહ ﷺ ના વંશને જઈને મળે છે. આપનાં નાની ઉમ્મે હકીમ જે હઝરત અબ્દુલ મુત્તલિબનાં પુત્રી હતાં તે હુઝૂર ﷺ ના વાલિદે ગિરામી હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ ની સાથે એક જ પેટથી પેદા થયાં હતાં. આ રિશ્તાથી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નાં વાલિદા હુઝૂર ﷺ ના ફોઈનાં પુત્રી થયાં. આપનો જન્મ આમ્મુલ ફીલ (હાથીવાળા વર્ષ)ના છ સાલ બાદ થયો رضی اللہ عنہ

### ★ ઈસ્લામ સ્વીકાર અને મુસીબતો ★

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ હઝરાતમાંથી છે જેમને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ ઈસ્લામની દાવત આપી હતી. આપ કદીમુલ ઈસ્લામ છે એટલે કે ઈસ્લામની શરૂઆતથી જ ઈમાન લઈ આવ્યા હતા. ઈબ્ને ઈસ્હાક કહે છે કે આપે હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત અલી તથા હઝરત ઝૈદ બિન હારિષ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના પછી ઈસ્લામ કબૂલ કર્યો.



ઈબ્ને સઅદ મુહમ્મદ બિન ઈબ્રાહીમથી રિવાયત કરે છે કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ જ્યારે ઈસ્લામમાં દાખલ થયા તો એમનું આખુ ખાનદાન ભડકી ઉઠયું, ત્યાં સુધી કે આપના કાકા હકમ બિન અબિલ આસ એટલો સખત નારાજ તથા ગુસ્સે થયો કે આપને પકડીને એક રસ્સી વડે બાંધી દીધા અને કહ્યું કે તેં તારા બાપદાદાનો દીન છોડી આપીને એક અન્ય ધર્મ અપનાવી લીધો છે, જ્યાં સુધી તું આ નવો ધર્મ નહીં છોડે અમે તને છોડીશું નહીં અને આ જ પ્રમાણે બાંધી રાખીશું. એ સાંભળીને આપે ફર્માવ્યું, ખુદાએ ઝુલજલાલની કસમ ! ઈસ્લામ ધર્મને હું કદી નથી છોડી શકતો ! અને ન કદી આ દૌલતને ત્યજી શકુ છું. મારા શરીરના ટુકડા ટુકડા કરી નાખો ! એ થઈ શકે છે, પણ દિલથી ઈસ્લામ ધર્મ નીકળી જાય એ કદી નથી થઈ શકતું. હકમ બિન અબિલ આસે આટલા પ્રમાણમાં જ્યારે આપની અડગતા જોઈ તો મજબૂર થઈને આપને છોડી આપ્યા. رضی اللہ عنہ

### ★ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની ફઝીલત કુર્આનમાં ★

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના હક્કમાં પણ કુર્આનની આયતો નાઝિલ થયેલી છે. જંગે તબૂકનો બનાવ એવા સમયે ઉપસ્થિત થયો જ્યારે મદીના મુનવ્વરામાં સખત દુકાળ પડયો હતો અને આમ મુસલમાનો ખૂબ જ પ્રમાણમાં તંગીમાં હતા, ત્યાં સુધી કે ઝાડનાં પાંદડાં ખાઈને લોકો ગુઝારો કરતા હતા. એટલા માટે જંગના લશ્કરને 'જયશે ઉસ્રા' કહેવામાં આવે છે એટલે કે તંગદસ્તીનું લશ્કર. તિર્મિઝી શરીફમાં હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે, એ ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં એ સમયે હાજર હતો જ્યારે કે આપ જયશે ઉસ્રાની મદદના માટે લોકોને પ્રોત્સાહિત કરી રહ્યા હતા. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ આપના પુરજોશ શબ્દો સાંભળીને ઉભા થયા

અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! સો ઊંટ તેની બેઠકો તથા સામાનની સાથે ખુદા તઆલાની રાહમાં રજૂ કરું છું. ત્યારબાદ ફરી હુઝૂર ﷺ એ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને લશ્કરનો સામાનના બારામાં પ્રોત્સાહિત કર્યો અને મદદ માટે ધ્યાન ખેચ્યું તો ફરી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ઉભા થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું બસો ઊંટ સરસામાન સાથે અલ્લાહના રસ્તામાં નઝર કરું છું. ત્યારબાદ ફરી રસૂલુલ્લાહ ﷺ એ જંગના સામાન પૂરો પાડવા મુસલમાનોને ઓફર કરી તો ફરી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ઉભા થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું ત્રણસો ઊંટો શસ્ત્ર સરંજામ સાથે રાહે ખુદામાં હાજર કરીશ. હદીષના રાવી હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં જોયું કે મિમ્બરથી ઉતરતા જતા હતા અને ફર્માવતા જતા હતા કે, "હવે ઉષ્માનને તે કોઈ અમલ નુકસાન નહીં પહોંચાડશે જે આના પછી કરશે." એક જ વાક્યને વારંવાર બોલતા જતા હતા.

મુરાદ એ છે કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નો આ અમલે ખૈર એવો આ'લા તથા એટલો મક્બૂલ છે કે હવે અધિક નફલો ન કરે તો પણ આ તેમના ઉચ્ચ મર્તબાઓ માટે પૂરતો છે અને આ મક્બૂલિયત પછી તેમને કોઈ નુકસાનનો અંદેશો નથી. *(મિશ્કાત શરીફ, પેજ–૫૬૦)*

તફસીરે ખાઝિન અને તફસીરે મઆલિમુત્તન્ઝીલમાં છે કે આપે સાઝો સામાનની સાથે એક હજાર ઊંટ આ પ્રસંગે ચંદો આપ્યો હતો.

અને હઝરત અબ્દુર્રહમાન બિન સમુરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ 'જયશે ઉસ્રા'ની તૈયારીના જમાનામાં એક હજાર દીનાર પોતાના કુર્તાની બાંયમાં ભરીને લાવ્યા હતા.



(એક **દીનાર** ત્યારે **સાડા ચાર માશા સોનાનો સિક્કો** હતો) એ દીનારોને આપે રસૂલે મક્બૂલ ﷺ ના ખોળામાં રાખી દીધા. હદીષના રાવી હઝરત અબ્દુર્રહમાન બિન સમુરહ رضی اللہ عنہ ફર્માવે છે, મેં જોયું કે નબી કરીમ ﷺ એ દીનારોને પોતાના ખોળામાં ઉલ્ટાવી પલ્ટાવીને જોતા રહેતા હતા અને ફર્માવતા જતા હતા, "આજના પછી ઉષ્માનને તેમનો કોઈ અમલ નુકસાન નહીં પહોંચાડે." સરકારે અક્દસ ﷺ એ એમના બારામાં આ વાક્ય બે વાર ફર્માવ્યું. મતલબ એ છે કે ધારી લો કે જો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ થી કોઈ ખતા થઈ જાય તો તેમનો આ અમલ તેમની ખતાના માટે કફ્ફારો બની જશે. *(મિશ્કાત શરીફ, પેજ–૫૬૧)*

તફસીરે ખાઝિન અને તફસીરે મઆલિમુત્તન્ઝીલમાં છે કે જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ 'જયશે ઉસ્રા'ની એ રીતે મદદ કરી કે એક હજાર ઊંટ સાઝો સામાન સાથે પેશ કર્યા અને એક હજાર દીનાર પણ ચંદો આપ્યો અને હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ એ સદકાના ચાર હજાર દિરહમ બારગાહે રિસાલતમાં પેશ કર્યા તો એ બંનેવ હઝરાતના બારામાં આ આયતે કરીમા નાઝિલ થઈ : (તર્જુમો) "જે લોકો કે પોતાનો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે, પછી આપ્યા બાદ એહસાન રાખે છે અને ન તકલીફ આપે છે, તો એમનો અજરો સવાબ તેમના રબની પાસે છે અને ન એમના પર કોઈ ખૌફ છવાશે અને ન ગમગીન થશે. *(પા. ૩, રુ.૪)*

હઝરત સદરુલ અફાઝિલ મૌલાના નઈમુદ્દીન સાહબ મુરાદાબાદી رحمۃ اللہ علیہ એ પણ પોતાની તફસીર ખઝાઈનુલ ઈર્ફાનમાં લખ્યું છે કે આયતે મુબારકા હઝરત ઉષ્માન ગની તથા હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہما ના હક્કમાં નાઝિલ થઈ.

હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક દિવસે

નબી કરીમ હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત ઉષ્માન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ઓહદ પહાડ પર હતા એવામાં તે એકાએક હાલવા લાગ્યો, તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "હે ઓહદ ! તું થોભી જા ! કેમ કે તારા પર કેવળ એક નબી અથવા સિદ્દીક઼ અથવા બે શહીદ છે. *(તફસીરે મઆલિમુત્તન્ઝીલ, ૬/૨૧૬)*

આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂરે અક઼દસ ﷺ પહાડો પર પણ પોતાનો હુકમ લાગુ પાડતા હતા અને એ પણ સાબિત થયું કે ખુદા તઆલાએ આપને ઈલ્મે ગયબ અતા કર્યો હતો કે વર્ષો પહેલાં હઝરત ઉમર ફારૂક઼ે આઝમ તથા હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہما ના શહીદ થવાના બારામાં હુઝૂર ખબર આપી રહ્યા છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**ઔર કોઈ ગયબ ક્યા તુમસે નિહાં હો ભલા**
**જબ ન ખુદા હી છુપા તુમ પે કરોળો દુરૂદ**

અને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ સારી પેઠે જાણતા હતા કે નદીનો વહેતો પ્રવાહ રોકાય શકે છે, ઝાડ પોતાના સ્થાનેથી હટી શકે છે, બલ્કે પહાડ પણ પોતાના સ્થાને હટી શકે છે પણ અલ્લાહના મહબૂબ દાનાએ ગુયૂબ જનાબ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺનું ફર્માન નથી ટળી શકતુ, એટલા માટે આપ આપની શહાદતની રાહ જોઈ રહ્યા હતા. **આપ તેમજ આપના સિવાયના અન્ય લોકો જેઓ એવી રીતે શહાદતની રાહ જોઈ રહ્યા હતા જેવી રીતે કે દુલ્હા દુલ્હન પોતાની શાદીની તારીખની રાહ જોતાં હોય છે.**

તો એમના હક્ક઼માં આ આયતે કરીમા નાઝિલ થઈ :– **فَمِنۡهُمۡ مَّنۡ قَضٰى نَحۡبَهٗ وَمِنۡهُمۡ مَّنۡ يَّنۡتَظِرُ** "તો એમનામાંથી કોઈ તે છે જે પોતાની મન્નત પૂરી કરી ચૂક્યો (જેમ કે હઝરત હમ્ઝા તથા મુસ્અબ رضی اللہ عنہما કે એ લોકો જેહાદ પર અડગ રહ્યા ત્યાં



સુધી કે જંગે ઓહદમાં શહીદ થઈ ગયા) અને એમનામાંથી કોઈ તે છે જે (પોતાની શહાદતની) રાહ જોઈ રહેલ છે (જેમ કે હઝરત ઉષ્માન ગની તથા હઝરત તલ્હા رضی اللہ عنہما)

અને હઝરત અલ્લામા ઈસ્માઈલ હક્ક઼ી رحمۃ اللہ علیہ લખે છે કે મદીના મુનવ્વરામાં એક મુનાફિક઼ રહેતો હતો તેનું ઝાડ એક અન્સારી પડોશીના મકાનમાં ઝુકેલુ હતું જેનાં ફળો તેમના મકાનમાં પડતાં હતાં. અન્સારીએ સરકારે અક઼દસ ﷺને એનુ વર્ણન કર્યું. તે સમય સુધી મુનાફિક઼નો નિફાક઼ લોકો પર જાહેર થયો ન હતો. હુઝૂર ﷺ એ તેને ફર્માવ્યું કે તું અન્સારીના હાથે ઝાડ વેચી કાઢ તેના બદલામાં તને જન્નતમાં ઝાડ મળશે. પણ મુનાફિક઼ે અન્સારને ઝાડ આપવાથી ઈન્કાર કરી નાખ્યો. જ્યારે આ બનાવની ખબર હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને થઈ કે મુનાફિક઼ે હુઝૂર ﷺના ફર્માનને મંઝૂર નથી કર્યું, તો આપે પૂરો એક બાગ આપીને ઝાડને તેની પાસેથી ખરીદી લીધું અને અન્સારીને આપી દીધું. એના પર હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની પ્રશંસામાં અને મુનાફિક઼ની બુરાઈમાં આ આયતે કરીમા નાઝિલ થઈ :–

**سَيَذَّكَّرُ مَنۡ يَّخۡشٰى ۙ وَيَتَجَنَّبُهَا الۡاَشۡقَى ۙ الَّذِىۡ يَصۡلَى النَّارَ الۡكُبۡرٰى**

"નજીકમાં જ નસીહત માનશે જે ડરે છે અને એનાથી તે ઘણો બદબખ્ત દૂર રહેશે જે સૌથી મોટી આગમાં જશે." *(પા. ૩૦, રૂ. ૧૨)*

આ આયતે મુબારકમાં **مَنۡ يَّخۡشٰى**થી મુરાદ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ છે અને **الاشقٰی**થી મુરાદ ઝાડનો માલિક મુનાફિક઼ છે. *(તફસીરે રૂહુલ બયાન, ૧૦/૪૦૮)*

## ★ હઝરત ઉષ્માન ગનીની ફઝીલત હદીષોમાં ★

આપની ફઝીલતમાં ઘણી હદીષો પણ આવેલી છે. તિર્મિઝી

તથા ઈબ્ને માજહમાં હઝરત મુર્રા બિન કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે. તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ભવિષ્યમાં થનારા ફિત્નાઓનું વર્ણન કરી રહ્યા હતા એવામાં એક સાહબ માથા પર કપડુ નાખીને એ તરફથી પસાર થયા તો હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે આ શખ્સ તે દિવસે હિદાયત પર હશે. હઝરત મુર્રા رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરથી આ શબ્દો સાંભળીને હું ઉઠયો અને તે શખ્સની તરફ ગયો તો જોયું કે તે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ છે. પછી મેં હુઝૂર صلی اللہ علیہ وسلمની તરફ તેમનો ચહેરો કર્યો અને પૂછયું, શું આ શખ્સ એ ફિત્નાઓમાં હિદાયત પર હશે ? તો હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, હા !

અને તિર્મિઝીમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. તે ફર્માવે છે કે રસૂલે મક્બૂલ صلی اللہ علیہ وسلم એ ભાવિમાં થનારા ફિત્નાઓનું વર્ણન કર્યું તો ઈર્શાદ ફર્માવ્યો, કે આ શખ્સ એ ફિત્નામાં જુલ્મથી કત્લ કરવામાં આવશે. આવુ કહેતાં આપે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની તરફ ઈશારો કર્યો.

અને બુખારી તથા મુસ્લિમમાં હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે તે ફર્માવે છે કે હું મદીના તયબહના એક બાગમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની સાથે હતો એવામાં એક સાહબ આવ્યા અને એ બાગનો દરવાજો ખોલાવ્યો તો નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, "દરવાજો ખોલી આપો અને આવનાર શખ્સને જન્નતની બશારત આપો !" મેં દરવાજો ખોલ્યો તો જોયું કે તે હઝરત સિદ્દીક્ અકબર رضی اللہ عنہ છે. મેં તેમને હુઝૂર صلی اللہ علیہ وسلمના ફર્માન પ્રમાણે જન્નતની ખુશખબર આપી. એના પર હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ એ ખુદાનો શુક્ર અદા કર્યો અને તેની હમ્દો ષના કરી. પછી એક સાહબ આવ્યા તેમણે દરવાજો ખોલાવ્યો. હુઝૂરે એમના બારામાં પણ ફર્માવ્યું, "દરવાજો ખોલી નાખો અને એમને પણ જન્નતની બશારત આપો." મેં દરવાજો ખોલ્યો તો જોયું કે તે



હઝરત ઉમર رضی اللہ عنہ છે. મેં તેમને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની ખુશખબરીથી માહિતગાર કર્યા. તેમણે ખુદા عزوجل ની હમ્દો ષના કરી અને તેનો શુક્ર અદા કર્યો. પછી એક ત્રીજા સાહબે દરવાજો ખોલાવ્યો તો નબી કરીમ صلی اللہ علیہ وسلم એ મને ઈર્શાદ ફર્માવ્યો, "આવનાર માટે દરવાજો ખોલી નાખો અને એ મુસીબતો પર જે એ શખ્સને પહોંચશે જન્નતની ખુશખબર સંભળાવો." હદીષના રાવી હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ફર્માવે છે કે મેં દરવાજો ખોલ્યો તો જોયું કે આવનાર શખ્સ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ છે. મેં તેમને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના ઈર્શાદ પ્રમાણે ખુશખબરી આપી અને હુઝૂરના ફર્માનથી તેમને માહિતગાર કર્યા. તેમણે ખુદા તઆલાની હમ્દો ષના કરી, તેનો શુક્ર અદા કર્યો અને ફર્માવ્યું, "આવનારી મુસીબતો પર અલ્લાહથી મદદ માગવામાં આવે છે."

અને મુસ્લિમ શરીફમાં હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે, તે ફર્માવે છે કે એક દિવસ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પોતાના મકાનમાં સૂતેલા હતા આપની જાંગ અથવા પિંડલી મુબારકથી કપડુ હટેલુ હતું. એટલામાં હઝરત અબૂબક્ર رضی اللہ عنہ આવ્યા અને તેમણે હાજરીની ઈજાઝત ચાહી. હુઝૂરે તેમને બોલાવી લીધા અને તે અંદર આવી ગયા પણ હુઝૂર એ જ પ્રમાણે સૂતેલા રહ્યા અને વાતચીત કરતા રહ્યા. ત્યારબાદ હઝરત ઉમર رضی اللہ عنہ પણ આવી ગયા. તેમણે અંદર આવવાની ઈજાઝત માગી, હુઝૂરે તેમને ઈજાઝત આપી દીધી અને તે અંદર પ્રવેશી ગયા પરંતુ હુઝૂર صلی اللہ علیہ وسلم યથાવત સૂતેલા રહ્યા, એટલે જાંગ કે પિંડલીથી કપડુ ખસેલુ રહ્યું. પછી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ આવી ગયા અને તેમણે અંદર આવવાની ઈજાઝત માગી તો આપ ઉઠીને બેસી ગયા અને કપડાં સરખાં કરી લીધાં. ત્યારબાદ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને આવવાની ઈજાઝત અતા ફર્માવી.

હદીષના રાવી હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે જ્યારે એ લોકો ચાલ્યા ગયા તો મેં હુઝૂર ﷺને પૂછયું, યા રસૂલુલ્લાહ ! શું કારણ છે કે મારા પિતા હઝરત સિદ્દીકે અકબર આવ્યા તો આપ એ જ પ્રમાણે સૂતેલા રહ્યા, પછી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ આવ્યા પણ આપ યથાવત સૂતેલા રહ્યા અને હાલ્યા નહીં, પરંતું જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ આવ્યા તો આપ ઉઠીને બેઠા થઈ ગયા અને કપડાં સરખાં કરી લીધાં ! હઝરત આઈશા رضی اللہ عنہاના આ સવાલના જવાબમાં સરકારે અક઼દસ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યું : "શું હું એ શખ્સથી હયા ન કરું જેનાથી ફરિશ્તા પણ હયા કરે છે."

સુબ્હાનલ્લાહ ! હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નો દરજ્જો કેટલો બલંદોબાલા તથા મહાનતાવાળો છે કે ફરિશ્તા આપનાથી હયા કરે છે ત્યાં સુધી કે સૈયદુલ અંબિયા અને નબીયુલ અંબિયા જનાબ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺ પણ આપનાથી હયા કરે છે.

તિર્મિઝી શરીફમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે તે ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺએ મક઼ામે હુદૈબિયામાં બયઅતે રિદ્વાનનો હુકમ ફર્માવ્યો તો તે વખતે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ હુઝૂર ﷺના ક઼ાસિદની હૈસિયતથી મક્કા મોઅઝ્ઝમા ગયેલા હતા. લોકોએ હુઝૂરના હાથ પર બયઅત કરી. જ્યારે સર્વ લોકો બયઅત કરી ચૂક્યા તો રસૂલે મક઼બૂલ ﷺ એ ફર્માવ્યું કે ઉષ્માન ખુદા તથા રસૂલે ખુદાના કામથી ગયેલા છે, પછી પોતાનો એક હાથ બીજા હાથ પર માર્યો એટલે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની તરફથી ખૂદ બયઅત કરી જેથી રસૂલુલ્લાહ ﷺનો મુબારક હાથ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના માટે તે હાથોથી બેહતર છે જેમણે પોતાના હાથો વડે પોતાના



માટે બયઅત કરી.

હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી બુખારી رحمۃ اللہ علیہ અશિઅતુલ લમ્આતમાં આ હદીષના હેઠળ લખે છે કે સરકારે અક઼દસ ﷺએ પોતાના હાથ મુબારકને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہનો હાથ ઠરાવ્યો. આ તે ફઝીલત છે જે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની સાથે ખાસ છે. એટલે કે આ ફઝીલતથી તેમના સિવાય અન્ય કોઈ સહાબી કદી મુશર્રફ ન થયા.

તિર્મિઝી તથા ઈબ્ને માજહમાં હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ એક દિવસ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને ફર્માવ્યું કે હે ઉષ્માન ! ખુદા તઆલા તને એક કમીઝ પહેરાવશે એટલે ખિલ્અતે ખિલાફતથી સરફરાઝ કરશે. પછી જો લોકો આ કમીસને ઉતારવાની તમારાથી માગણી કરે તો તેમની ખ્વાહિશ પર કમીસ ન ઉતારશો એટલે ખિલાફતને ન છોડશો. એટલા માટે જે દિવસે તેમને શહીદ કરવામાં આવ્યા તેમણે હઝરત અબૂ સહલા رضی اللہ عنہને ફર્માવ્યું કે હુઝૂર ﷺએ મને ખિલાફતના બારામાં વસીયત ફર્માવી હતી એટલા માટે હું આ વસીયત પર કાયમ છું અને જે કાંઈ મારા પર વીતી રહી છે એના પર સબ્ર કરી રહ્યો છું.

હાકિમે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ બે વાર જન્નત ખરીદી છે. એકવાર તો બીરે રૂમા (કૂવો) ખરીદીને અને બીજીવાર 'જયશે ઉસ્રા'ના માટે સામાન આપીને. 'જયશે ઉસ્રા'ના માટે જે સામાન આપે પૂરો પાડયો હતો એનું વર્ણન અગાઉ આવી ચૂક્યું છે અને બીરે રૂમા (કૂવા)ની ખરીદીનો બનાવ આ પ્રમાણે છે કે જ્યારે સરકાર ﷺ મક્કા મોઅઝ્ઝમાથી હિજરત કરીને મદીના તયબહ તશરીફ લઈ ગયા તો એ જમાનામાં ત્યાં બીરે રૂમા સિવાય અન્ય

કોઈ કૂવાનુ પાણી મીઠુ ન હતું. એ કૂવો વાદીયે અકીક્ના કિનારે એક ખીલેલા બાગમાં છે જે મદીના તયબહથી લગભગ ચાર કિ.મિ. ના અંતરે છે. એ કૂવાનો માલિક યહૂદી હતો જે એનું પાણી વેચ્યા કરતો હતો, અને મુસલમાનોને પાણીની સખત તકલીફ હતી જેથી રસૂલુલ્લાહ ﷺના પ્રોત્સાહિત કરવા પર હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ અડધો કૂવો બાર હજાર દિરહમમાં ખરીદીને મુસલમાનો પર વક્ફ કરી આપ્યો અને નિશ્ચિત થયું કે એક દિવસે મુસલમાનો પાણી ભરશે અને બીજા દિવસે યહૂદી. પણ જ્યારે યહૂદીએ જોયું કે મુસલમાન એક દિવસમાં બે દિવસોનું પાણી ભરી લે છે અને મારું પાણી જોઈએ તેવું નથી વેચાતુ તો પરેશાન થઈને બાકીનો અડધો કૂવો પણ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના હાથે આઠ હજાર દિરહમમાં વેચી આપ્યો. એ કૂવાને હાલમાં 'બીરે હઝરત ઉષ્માન' કહે છે. رضی اللہ عنہ

હઝરત ઉષ્માન બિન અબ્દુલ્લાહ બિન મવહબ رضی اللہ عنہ ફર્માવે છે કે મિસરનો રહેવાસી એક શખ્સ હજના ઈરાદાથી બયતુલ્લાહ શરીફ આવ્યો. તેણે એક જગાએ કેટલાક લોકોને બેઠેલા જોયા તો પૂછયું કે આ કોણ લોકો છે ? જવાબ આપવામાં આવ્યો કે આ લોકો કુરૈશ છે. તેણે પૂછયું કે એ લોકોનો શયખ કોણ છે ? જવાબ આપ્યો કે એ લોકોના શયખ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર છે. رضی اللہ عنہما હવે તેણે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ ની તરફ ધ્યાનીત થઈને કહ્યું કે હે ઈબ્ને ઉમર ! હું અમુક સવાલો કરવા ચાહું છું આપ એના જવાબો આપશો. શું આપને ખબર છે કે ઉષ્માન ઓહદના જંગથી ભાગી ગયા હતા ? હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ ફર્માવ્યું, કે હા ! એવું થયું હતું. પછી તે શખ્સે પૂછયું કે, શું તમને એ ખબર છે કે બદરના જંગથી ઉષ્માન ગાયબ હતા ? અને બદરના જંગમાં એ શરીક નથી થયા ? હઝરત ઈબ્ને ઉમર



رضی اللہ عنہ એ જવાબ આપ્યો કે, હા ! એ બદરના જંગમાં હાજર ન હતા. પછી તે શખ્સે પૂછયું કે શું તમને ખબર છે કે ઉષ્માન બયઅતે રિદવાન વખતે પણ ગાયબ હતા અને એમાં શરીક થયા ન હતા ? હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ ફર્માવ્યું કે, હા ! એ બયઅતે રિદવાનના મોકા પર પણ હાજર ન હતા અને એમાં સામેલ થયા ન હતા. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી ત્રણેવ વાતોનું સમર્થન સાંભળીને એ શખ્સે અલ્લાહુ અકબર કહ્યું. જાહેરી રીતે તો એ મિસ્રી શખ્સના સવાલો હતા પરંતુ હકીકતમાં હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની ઝાતે ગિરામી પર આ એના વાંધાઓ હતા ! હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہએ તેને કહ્યું કે આમ આવ ! હું તને વાસ્તવિક સ્થિતિ વર્ણવીને તારી શંકાઓ દૂર કરી દઉં. ઓહદના જંગથી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ભાગી જવાના વિશે હું તને એવું કહું છું કે ખુદા તઆલાએ એમની ગલતીને માફ કરી આપી, જેમ કે કુર્આન મજીદમાં ઈર્શાદે ખુદાવંદી છે : બેશક ! તે લોકો જેઓ તમારાથી ફરી ગયા જે દિવસે બંનેવ ફોજો મળી હતી એમના અમુક અમલોને સબબે તેમને શયતાને જ લગઝિશ આપી અને બેશક ! અલ્લાહે એમને માફ કરી આપ્યા. બેશક ! અલ્લાહ બખ્શનાર હિલમવાળો છે. *(પા. ૪, રૂ. ૭)*

અને જંગે બદરમાં હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નું હાજર ન હોવું એનો બનાવ એ છે કે હઝરત રુકૈયા رضی اللہ عنہا એટલે હુઝૂર ﷺનાં સાહબઝાદી અને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નાં પત્ની એ સમયે બીમાર હતાં. હુઝૂર ﷺ એ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને તેમની દેખભાળના માટે મદીના શરીફમાં રાખી મૂક્યા હતા. અને ફર્માવ્યું હતું કે ઉષ્માન ગનીને જંગે બદરમાં શરીક થનારાઓમાંથી એક મુજાહિદનો સવાબ મળશે, માલે ગનીમતમાંથી પણ એક શખ્સનો હિસ્સો આપવામાં આવશે. હવે

રહ્યો 'બયઅતે રિદ્વાન' હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નું ગાયબ હોવું, તો એનું કારણ એ છે કે જો મક્કા મોઅઝ્ઝમામાં હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ થી વધુ બાઈજ્જત અને હરદિલ અઝીઝ કોઈ શખ્સ હોત તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم તેને મક્કા મોઅઝ્ઝમા મોકલત, પણ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ થી વધુ હરદિલ અઝીઝ અને ઈજ્જતવાળો મક્કાવાસીઓની નિગાહમાં અન્ય કોઈ ન હતો એટલા માટે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ તેમને મક્કા મોઅઝ્ઝમા રવાના કર્યા કે તે આપના તરફથી મક્કાના કાફિરો સાથે વાતાઘાત કરે, તો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ હુઝૂર صلی اللہ علیہ وسلمના હુકમથી મક્કા મોઅઝ્ઝમા ચાલ્યા ગયા. આ રીતે એમની ગેરહાજરીમાં બયઅતે રિદ્વાનનો પ્રસંગ બન્યો. અને હુઝૂર صلی اللہ علیہ وسلمએ બયઅતે રિદ્વાનના સમયે પોતાના જમણા હાથને ઉઠાવીને ફર્માવ્યું કે આ ઉષ્માનનો હાથ છે અને પછી એ હાથને પોતાના બીજા હાથ પર મારીને ફર્માવ્યું કે આ ઉષ્માનની બયઅત છે. ત્યારબાદ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ ફર્માવ્યું કે હમણા જે મેં તારી સામે વર્ણન કર્યું છે તું તેને લઈ જા કે એ જ તારા સવાલોના સંપૂર્ણ જવાબો છે. *(બુખારી શરીફ)*

### ★ આપની ખિલાફત ★

હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ પોતાની મશહૂર કિતાબ તારીખુલ ખુલફામાં લખે છે કે ઝખ્મી થયા બાદ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની તબીઅત જ્યારે અધિક બગડી તો લોકોએ આપને અર્ઝ કરી કે અમીરુલ મોમિનીન ! આપ અમને કાંઈ વસીયતો કરો અને ખિલાફતના માટે કોઈની વરણી કરી આપો. તો હઝરત ઉમર رضی اللہ عنہ એ ઈર્શાદ ફર્માવ્યો કે ખિલાફતના માટે આ છ સહાબીઓ જેમનાથી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم રાજી તથા ખુશ રહીને આ દુનિયાથી તશરીફ



લઈ ગયા છે, અન્ય કોઈને હું એમના સિવાય મુસ્તહિક઼ નથી સમજતો. પછી આપે હઝરત ઉષ્માન, હઝરત અલી, હઝરત તલ્હા, હઝરત ઝુબૈર, હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ તથા હઝરત સઅદ બિન અબી વક્ક઼ાસ رِضۡوَانُ اللهِ تَعَالٰى عَلَيۡهِمۡ اَجۡمَعِيۡنَના નામો લીધાં. અને ફર્માવ્યું કે મારો પુત્ર અબ્દુલ્લાહ મજલિસે શૂરામાં તેમની સાથે રહેશે, પણ ખિલાફતથી તેને કોઈ લેવાદેવા રહેશે નહીં. જો સઅદ બિન વક્ક઼ાસની પસંદગી થઈ જાય તો તે એનો હક્ક઼ ધરાવે છે, નહીં તો એ છ સહાબીઓમાંથી જેને ચાહે પસંદ કરી લે. અને મેં સઅદ બિન વક્ક઼ાસને કોઈ આજિઝી તથા ખયાનતના સબબે બરતરફ કર્યા ન હતા. પછી આપે ફર્માવ્યું કે હું મારા પછી ખલીફા થનારને વસીયત કરું છું કે તે અલ્લાહ તઆલાથી ડરતો રહે અને સર્વ અન્સાર તથા મુહાજિર તથા સઘળી પ્રજા સાથે ભલાઈ સાથે વર્તે.

જ્યારે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનો વિસાલ થઈ ગયો અને લોકો તેની દફન ક્રિયાથી પરવાર્યા તો ત્રણ દિવસ બાદ ખલીફાને પસંદ કરવા માટે ભેગા થયા. હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ એ લોકોને ફર્માવ્યું કે પ્રથમ ત્રણ માણસો પોતાનો હક્ક઼ ત્રણ માણસોને સોંપીને અલગ થઈ જાય. લોકોએ આ વાતને સમર્થિત કરી તો હઝરત ઝુબેર, હઝરત અલીને, હઝરત સઅદ બિન વક્ક઼ાસ, હઝરત અબ્દુર્રહમાનને અને હઝરત તલ્હા હઝરત ઉષ્માનને પોતાનો હક્ક઼ આપીને મુક્ત થઈ ગયા. (رِضۡوَانُ اللهِ تَعَالٰى عَلَيۡهِمۡ اَجۡمَعِيۡنَ)

આ ત્રણેવ હઝરાત રાય મશ્વરો કર્યા બાદ એક તરફ ચાલ્યા ગયા, ત્યાં હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફે ફર્માવ્યું કે હું મારા માટે ખિલાફત પસંદ નથી કરતો, હવે તમારા લોકોમાંથી પણ જે ખિલાફતની જિમ્મેદારીથી મુક્ત રહેવા ચાહે છે તે બતાવી આપે,

એટલા માટે કે જે અલગ પડશે અમે ખિલાફત તેને સુપ્રત કરીશું. અને જે શખ્સ ખલીફા થયો તેના માટે જરૂરી છે કે તે હુઝૂર ﷺની ઉમ્મતમાં સૌથી અફઝલ હોય અને ઉમ્મતની ઈસ્લાહની ખૂબ જ ઈચ્છા ધરાવતો હોય. આ વાતના જવાબમાં હઝરત ઉષ્માન ગની તથા હઝરત અલી رضی اللہ عنہما એટલે બંનેવ હઝરાત ચૂપ રહ્યા. તો હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ ફર્માવ્યું કે સારું ! તમે લોકો આ પસંદગીનું કામ અમારા હવાલે કરી આપો. ક઼સમ ખુદાની હું તમારા લોકોમાંથી બેહતર તથા અફઝલ શખ્સને ચૂંટી કાઢીશ. બંને હઝરાતે ફર્માવ્યું કે અમને લોકોને મંઝૂર છે, અમે ખલીફાની પસંદગીનું કામ તમને સુપ્રત કરીએ છીએ.

હવે એના પછી હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને લઈને એક તરફ ગયા અને તેમને કહ્યું કે હે અલી ! આપ ઈસ્લામ ક઼બૂલ કરવામાં સાબેક઼ીને અવ્વલીનમાંથી છો અને આપ રસૂલુલ્લાહ ﷺના નિકટના સગા છો જેથી આપને હું ખલીફા નિયુક્ત કરું તો આપ કબૂલ કરી લેશો અને જો હું કોઈ અન્યને આપના પર ખલીફા નિયુક્ત કરી દઉં તો તેની ઈતાઅત (આજ્ઞાપાલન) કરશો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ કહ્યું કે મને મંઝૂર છે.

ત્યારબાદ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને લઈને એક તરફ ગયા અને તેમની સાથે પણ એકાંતમાં આ જ પ્રકારની વાતચીત કરી તો તેમણે પણ બંનેવ વાતોને સ્વીકારી લીધી. જયારે એ બંનેવ હઝરાતથી હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ વાયદો તથા ક઼રાર કર્યો પછી આપે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના હાથ પર બયઅત કરી લીધી અને એમના પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ પણ બયઅત કરી લીધી.



તારીખુલ ખુલફામાં ઈબ્ને અસાકિરના હવાલાથી છે કે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના બદલે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને એટલા માટે ખલીફા નિયુક્ત કર્યા કે જે પણ સાઈબુર્રાય એકાંતમાં એમનાથી મળતો તે એ જ મશ્વરો આપતો કે ખિલાફત હઝરત ઉષ્માનને જ મળવી જોઈએ, તે એના માટે સૌથી અધિક મુસ્તહિક઼ છે. જેથી એક રિવાયતમાં આ પ્રમાણે આવ્યું છે કે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہએ હમ્દો સલાત પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને ફર્માવ્યું, હે અલી ! મેં સર્વ લોકોની રાય જાણી લીધી છે, ખિલાફતના બારામાં સૌની રાય હઝરત ઉષ્માનના માટે છે. رضی اللہ عنہ આમ કહીને આપે હઝરત ઉષ્માનનો હાથ પકડયો અને કહ્યું કે હું સુન્નતે ખુદા, સુન્નતે રસૂલ અને બંનેવ ખલીફાઓની સુન્નત પર તમારાથી બયઅત કરું છું. આ રીતે સૌ પ્રથમ હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ એ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી બયઅત કરી પછી સર્વ મુહાજિરો તથા અન્સારે તેમની સાથે બયઅત કરી.

મુસ્નદે ઈમામ અહમદમાં હઝરત અબૂ વાઈલ رضی اللہ عنہથી આ પ્રમાણે મરવી છે, તેમણે ફર્માવ્યું કે મેં હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہથી પૂછયું કે આપે હઝરત અલીને છોડીને ઉષ્માન સાથે શા માટે બયઅત લીધી ? તેમણે ફર્માવ્યું કે એમાં મારો કુસૂર નથી. મેં પ્રથમ હઝરત અલીને જ કહ્યું કે હું કિતાબુલ્લાહ, સુન્નતે રસૂલુલ્લાહ, અને હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہما ની સુન્નત પર હું આપનાથી બયઅત કરું છું તો ફર્માવ્યું કે હું એની શક્તિ નથી ધરાવતો. ત્યારબાદ મેં હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી એ જ પ્રકારની વાતચીત કરી તો તેમણે ક઼બૂલ કરી લીધું. *(તારીખુલ ખુલફા–૨૪)*

ગુન્યતુત્તાલિબીન જે ગૌષે આ'ઝમ رضی اللہ عنہની મશહૂર કિતાબ

છે એમાં પણ આ જ રિવાયત છે.

તો આ રિવાયતના આધારે એવું કહી શકાશે કે લગભગ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ એ વખતે ખિલાફતથી એટલા માટે ઈન્કાર કરી આપ્યો કે એમના પર આમ સહાબાનો અભિપ્રાય જાહેર થઈ ચૂક્યો હતો કે તેઓ મારા બદલે હઝરત ઉષ્માનને ખલીફા બનાવવા ચાહે છે જેથી આપને સહાબાની મરજીની વિરૂધ્ધ જબરદસ્તી પોતનુ ખલીફા બનવું પસંદ ન પડયું. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

અને એક રિવાયતમાં એ પણ છે કે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં એકાંતમાં હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી પૂછયું કે જો હું આપનાથી બયઅત કરું તો આપ મને કોનાથી બયઅત કરવાનો મશ્વરો આપશો ? તેમણે ફર્માવ્યું કે અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી. પછી મેં આવી રીતે એકાંત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمને કહ્યું કે જો હું આપની બયઅત ન કરું તો આપ મને કોની બયઅતનો મશ્વરો આપશો ? તેમણે ફર્માવ્યું કે ઉષ્માનથી رضی اللہ عنہ. પછી મેં હઝરત ઝુબૈર رضی اللہ عنہને બોલાવીને એ જ પ્રમાણે એકાંતમાં એમને પૂછવામાં આવ્યું કે જો હું આપની બયઅત ન કરું તો આપ મને કોની સાથે બયઅત કરવાની રાય આપશો ? તેમણે કહ્યું કે હઝરત અલી કે હઝરત ઉષ્માનથી. رضی اللہ عنہما હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ ફર્માવે છે કે, પછી મેં હઝરત સઅદ رضی اللہ عنہને બોલાવ્યા અને તેમને કહ્યું કે મારો તથા આપનો ઈરાદો ખલીફતુલ મુસ્લિમીન બનવાનો તો છે નથી ! તો પછી આપ મને કોનાથી બયઅત કરવાનો મશ્વરો આપશો ? તેમણે ફર્માવ્યું કે હઝરત ઉષ્માનથી. رضی اللہ عنہ. પછી હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہએ તમામ મુહાજિરો તથા અન્સારે મશ્વરો કર્યો તો મોટાભાગના લોકોની રાય હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના



બારામાં પામી. એટલા માટે તેમણે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ થી બયઅત કરી.

## ★ એક વાંધાનો જવાબ ★

રાફઝી–શીઆ કહે છે કે સૌ પ્રથમ ખિલાફતના હક્કદાર હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم હતા પણ લોકોએ તેમના હક્કને માર્યો કે પ્રથમ (હઝરત) અબૂબક્ર પછી (હઝરત) ઉમર અને પછી (હઝરત) ઉષ્માનને ખલીફા બનાવ્યા. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) આ પ્રમાણે સતત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمની હક્ક તલફી થતી રહી.

વળી રાફઝી–શીઆ એટલાથી જ નથી અટકતા બલ્કે ત્રણેવ ખલીફા હઝરાત તથા અન્ય સહાબાએ કિરામ કે જેઓએ તેમને ખલીફા પસંદ કર્યા તે સૌથી દુશ્મની તથા અદાવત રાખે છે અને તેમને બુરુ ભલુ કહે છે. (મઆઝલ્લાહ !)

આ વાંધાનો જવાબ એ છે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી પહેલાં જે લોકો ખલીફા થયા અને જેઓએ એમને ખલીફા બનાવ્યા એ તે લોકો છે જેમની ખુદા તઆલાએ પ્રશંસા કરી છે અને તેમના વખાણમાં કુર્આન મજીદની ઘણી આયતો નાઝિલ થઈ છે. દા.ત.:

"તમારામાં બરાબર નથી જેઓએ ફતહે મક્કાથી પહેલાં ખર્ચ તથા જેહાદ કર્યો. તેઓ મર્તબામાં એમનાથી મહાન છે જેમણે ફતહે મક્કા પછી ખર્ચ તથા જેહાદ કર્યો અને તે સૌથી અલ્લાહ જન્નતનો વાયદો કરી ચૂક્યો છે." *(પા. ૨૭, રુ. ૭)*

બીજે ઠેકાણે છે : "અને સૌમાં આગલા પ્રથમ મુહાજિર તથા અન્સાર અને જેઓએ ભલાઈની સાથે તેમની ઈત્તેબાઅ (અનુસરણ) કરી અલ્લાહ એમનાથી રાજી થયો અને તેઓ અલ્લાહથી રાજી થયા." *(પા. ૧૧, રુ. ૨)*

અન્ય ઠેકાણે છે : ''હિજરત કરનારા ફક઼ીરોના માટે જેઓ પોતાનાં ઘરો તથા માલોથી કાઢવામાં આવ્યા, અલ્લાહનો ફઝ્લ અને તેની રઝા ચાહે છે. અને અલ્લાહ વ રસૂલની મદદ કરે છે એ જ લોકો સાચા છે.'' *(પા. ૨૮, રૂ. ૪)*

એક ઠેકાણે છે : ''અને જે લોકોએ પહેલેથી આ (મદીના મુનવ્વરા) શહેરમાં અને ઈમાનમાં ઘર બનાવી લીધું તેઓ દોસ્ત રાખે છે એ લોકોને જેઓ એમના તરફ હિજરત કરીને ગયા. અને તે લોકો પોતાના દિલોમાં કોઈ હાજત નથી પામતા એ ચીજની જે (મુહાજિરોને માલે ગનીમત) આપવામાં આવ્યો અને (અન્સાર) પોતાની જાનો પર તેમને અગ્રતા આપે છે, ભલે તેમને સખત મોહતાજી હોય. અને જે પોતાના નફસની લાલચથી બચાવવામાં આવ્યો તો એ જ કામયાબ છે.'' *(પા. ૨૮, રૂ. ૪)*

એક જગાએ છે : ''બેશક ! અલ્લાહનો મુસલમાનો પર મહાન એહસાન થયો કે તેમનામાં તેઓમાંથી જ એક રસૂલ મોકલ્યા જેઓ એમના પર ખુદા તઆલાની આયતો પઢે છે અને તેમને પાક કરે છે.'' *(પા. ૪, રૂ. ૮)*

પ્રિય વાંચકો ! આ પ્રકારની અન્ય પણ ઘણી આયતો છે જેમાં ખુદાએ પોતાના પ્યારા મુસ્તફાના સહાબીઓની સ્પષ્ટ શબ્દોમાં પ્રશંસા વર્ણવી છે, પણ અત્રે અમુક જ આયતોથી આપણે અટકીએ છીએ.

હવે તમો વિચારો કે પ્રથમ આયતે કરીમા જે અમે રજૂ કરી (તર્જુમો) એમાં ફર્માવવામાં આવ્યું છે કે ''મક્કાની ફતહના પહેલાં અને તેના બાદ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવા તથા લડાઈ કરવાવાળા દરેકથી અલ્લાહે ભલાઈનો વાયદો કર્યો છે.''

અને બીજી આયતમાં છે : ''અલ્લાહ એમનાથી રાજી છે અને તેઓ અલ્લાહથી રાજી છે.''



અને ત્રીજી આયતમાં છે : ''એ જ લોકો સાચા છે.''

અને ચોથી આયતમાં છે : ''એ જ લોકો ભલાઈ પામેલા અને કામયાબ છે.''

અને પાંચમી આયતે કરીમામાં છે : ''નબી કરીમ ﷺ તેમની સફાઈ કરે છે એટલે નાપસંદીદા આદતો અને બુરી વાતોથી તેમને પાક તથા સાફ કરે છે અને સાલેહ (નેક) બનાવે છે.''

અલ્લાહ તઆલાએ આ આયતે મુબારકામાં ખબર આપી કે હુઝૂર ﷺ 'મુઝક્કી' છે એ વાત પર ઈમાન લાવવું જરૂરી છે, એટલા માટે કે જો એમનાં દિલોનો તઝકિયહ (સફાઈ) નથી કરી તો આપ 'મુઝક્કી' નથી થઈ શકતા. અને જ્યારે હુઝૂર ﷺ એ એમનાં દિલોનો તઝકિયહ ફર્માવ્યો તો માનવુ પડશે કે તેઓ નેકોકાર તથા સાલેહ છે. તેમના અખ્લાક઼ ઉચ્ચ છે, તેઓ પ્રશંસનીય ગુણો ખૂબીઓવાળા છે, તેમની નિય્યતો સહીહ છે અને એમનો અમલ આપણા માટે દીવાદાંડી સમાન છે.

જેથી સહાબાએ કિરામ કે જેમનાથી અલ્લાહ તઆલાએ ભલાઈનો વાયદો કર્યો તેમનાથી અલ્લાહ રાજી અને તેઓ અલ્લાહથી રાજી. અને એવા લોકોને જેઓ ભલાઈ પામેલા અને સાચા છે, અને **જેમના દિલો મુઝક્કા વ મુજલ્લા (પાક સાફ) છે તેમના બારામાં એવો ખરાબ અક઼ીદો રાખવો કે તેમણે હઝરત અલી** كرم اللہ تعالیٰ وجہہ الکریم **ના હક્ક઼ને પચાવી પાડયો એ અતિશય કક્ષાની બદનસીબી તથા બદબખ્તી છે, બલ્કે કુર્આન શરીફને જૂઠલાવવું છે.** અલ્અયાઝુબિલ્લાહ !

બાદશાહ જે જમાઅતથી રાજી હોય અને તેમની પ્રશંસા તથા ખૂબીઓ બયાન કરતો હોય એ જમાઅતથી દિલમાં મેલ તથા અદાવત રાખવી અને તેમની બુરાઈ કરવી એ બાદશાહની નારાઝગીનો સબબ બનશે. તો પછી **ખુદાએ ઝુલ જલાલ જે**

**સહાબાથી રાજી છે અને પોતાની કિતાબ કુર્આન મજીદમાં ઠેક ઠેકાણે તેમની તારીફ તથા ખૂબીઓ વર્ણવે છે એ (સહાબીઓની) મુબારક જમાઅતથી કીનો તથા અદાવત રાખવી અને તેમની બુરાઈ કરવી એ ખુદા તઆલાની સખ્ત નારાઝગીનો જ સબબ છે.**

હઝરત અલ્લામા અબૂ ઝરઅહ રાઝી رضی اللہ عنہ જે તબએ તાબઈનમાંથી છે તેમણે એના અનુસંધાનમાં અતિશય ઉમદા વાત દર્શાવી છે. ફર્માવે છે : **જ્યારે તમે કોઈ શખ્સને જુઓ કે તે રસૂલે કરીમ ﷺના સહાબીઓમાંથી કોઈની ટીકા કરે છે, તેમના ખામીઓ કાઢે છે, તો જાણી લો કે તે ઝિંદિક તથા બેદીન છે** એટલા માટે કે કુર્આન તથા હુઝૂર ﷺનું દરેક કુર્આન (હદીષ) આપણને સહાબાના વાસ્તાથી જ મળેલ છે, તો એમની જાતમાં બુરાઈ સાબિત કરવી અને એમને ગલત ઠરાવવા એ કુર્આન તથા હદીષને બાતિલ ઠરાવવું છે. અલ્અયાઝુબિલ્લાહિ તઆલા *(અલ્અસાબા, ૧/૧૧)*

## ★ આપનો પ્રથમ ખુત્બો ★

તારીખે ખુલફામાં ઈબ્ને સઅદના હવાલાથી છે કે ખલીફા નિયુક્ત થયા બાદ જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ખુત્બો આપવા માટે ઉભા થયા તો આપ કાંઈ બયાન ન કરી શક્યા, કેવળ એટલુ ફર્માવ્યું કે, હે લોકો ! પ્રથમવાર ઘોડા પર સવાર થવાનુ ઘણુ મુશ્કેલ હોય છે. આજના બાદ ઘણા દિવસો આવશે જો હું જીવતો રહીશ તો ઈન્શાઅલ્લાહુ તઆલા આપ લોકોની સમક્ષ જરૂર ખુત્બો આપીશ. અમારા ખાનદાનમાં લોકો ખતીબ નથી થયા, ખુદા તઆલાથી ઉમ્મીદ છે કે નજીકમાં જ મને ખુત્બો આપવા શક્તિમાન કરશે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ



લખે છે કે મિમ્બરનાં ત્રણ પગથિયાં હતાં, ઉપરની બેઠક સિવાય જેના પર બેસે છે. હુઝૂર ﷺ પ્રથમ પગથિયેથી ખુત્બો આપ્યા કરતા હતા. સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ બીજા પરથી પઢયો અને હઝરત ફારૂકે આ'ઝમે ત્રીજા પરથી પઢયો. જ્યારે હઝરત ઝુન્નૂરૈન رضی اللہ عنہ નો જમાનો આવ્યો તો ફરી અવ્વલ (પ્રથમ) પગથિયા પર ઉભા રહી ખુત્બો પઢયા. સબબ પૂછવામાં આવ્યો તો ફર્માવ્યું, જો બીજા પર પઢત તો લોકો ગુમાન કરતા કે હું સિદ્દીકે અકબરના બરાબર છું અને ત્રીજા પર પઢત તો વહેમ થાત કે હઝરત ઉમર رضی اللہ عنہ ના બરાબર છું, જેથી ત્યાંથી પઢયો જ્યાં એ બરાબરીની કલ્પના પણ નથી થઈ શકતી. *(ફતાવા રઝવિય્યહ, ૩/૭૦૦)*

હે દીની ભાઈઓ ! બહેનો ! હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના વાક્યો વિચારવા પાત્ર છે, તે ફર્માવે છે કે જો બીજા પર પઢત તો લોકો ગુમાન કરત કે હું સિદ્દીકના બરાબર છું. સવાલ એ છે કે શું લોકો એમને સિદ્દીકના બરાબર સમજત તો શું એમાં કોઈ ખરાબી હતી ?! હા ! બેશક ! ખરાબી હતી. એટલા માટે કે ઉષ્માન ગની رضی اللہ عنہને એ હરગિઝ મંઝૂર ન હતું કે એમને લોકો સિદ્દીકના સમાન ગુમાન કરે. એ જ પ્રમાણે એમને એ પણ માન્ય ન હતું કે લોકો તેમના બારામાં વહેમ ધરાવે કે તે ફારૂકે આ'ઝમના બરાબર છે. એટલા માટે ફર્માવ્યું કે ત્રીજા પગથિયા પર પઢત તો વહેમ થાત કે ફારૂકના બરાબર છું.

જાણવા મળ્યું કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہનું હઝરત સિદ્દીકે અકબર તથા હઝરત ઉમર رضی اللہ عنہما સાથે બરાબરીનો દાવો કરવો તો બહું જ દૂરની વાત છે તેમને એટલુ પણ માન્ય ન હતું કે તેમના બારામાં કોઈ એવો વહેમ તથા ગુમાન પણ કરે કે તે શયખૈન હઝરાતના બરાબર છે. એટલા માટે તે સૌથી ઉપલા પગથિયે ખુત્બો પઢયા.

વળી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નું આ વાક્ય પણ ધ્યાન કરવા પાત્ર છે કે મેં ત્યાં ખુત્બો પઢયો જ્યાં એ (બરાબરીની) સંભાવનાની કલ્પના પણ નથી થઈ શકતી. મતલબ એ થયો કે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن માંથી કોઈ પણ એ કલ્પના પણ કરી શકતો ન હતો કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ હુઝૂર صلی اللہ علیہ وسلم સાથે બરાબરી કે સમાનતાનો દાવો કરી શકે છે.

સાબિત થયું કે **જો કોઈ આકાએ દોજહાં صلی اللہ علیہ وسلم સાથે બરાબર તથા સમાનતાનો દાવો કરે તો તે ગુસ્તાખ તથા બેઅદબ છે, અને સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ના માર્ગેથી અલગ છે.** અને હદીષ શરીફ "હું તથા મારા સહાબાના માર્ગે ચાલનાર જન્નતી"ના પ્રમાણે તેમના માર્ગે ચાલનારા જ (અહલે સુન્નત) જન્નતી છે બાકી સૌ ગુમરાહ તથા જહન્નમી છે, તેઓ "અહલે સુન્નત" નથી.

### ★ આપના ખિલાફતકાળના વિજયો ★

હઝરત ઉષ્માન ગની ઝુન્નૂરૈન رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં પણ ઈસ્લામી વિજયોનું વર્તુળ સતત વિશાળ થતુ રહ્યું. જેમ કે આપની ખિલાફતના પ્રથમ વર્ષે એટલે હિ.સ. ૨૪ માં "રય" જીતવામાં આવ્યું. 'રય' ખુરાસાનનું એક શહેર છે જે આજકાલ ઈરાનનુ પાટનગર છે અને એને તેહરાન કહે છે. હિ.સ. ૨૬ માં સાબૂર શહેર ફતહ થયું.

હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ જે હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં શામ દેશના વગર્નર હતા તેમણે હઝરત ઉમર رضی اللہ عنہ થી કેટલીયે વાર એ દરખાસ્ત પેશ કરી હતી કે દરિયાઈ દળ થકી ક઼િબરસ પર હુમ્લાની ઈજાઝત આપવામાં આવે પણ આપે ઈજાઝત ન આપી, પરંતું હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ નો આગ્રહ ખૂબ જ વધ્યો તો આપે હઝરત



અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ ને લખ્યું કે સમુદ્રી તથા (કપડાનો ઓળો લગાડેલ) જહાઝોની સ્થિતિ વિગતવાર રીતે મને લખીને મોકલો. તેમણે લખ્યું કે મેં જહાઝને જોયું છે જે એક મોટી મખ્લૂક઼ છે અને એના પર નાની મખ્લૂક઼ સવાર થાય છે. જ્યારે એ જહાઝ રોકાય જાય છે તો લોકોનાં દિલ ગભરાવા લાગે છે અને જ્યારે તે ચાલે છે તો બુધ્ધિમાન લોકો પણ ભયભીત થઈ જાય છે. એમાં અચ્છાઈઓ ઓછી છે અને ખરાબીઓ વધુ છે. એમાં સફર કરનારાઓની હેસિયત કીડા મકોડા જેવી હોય છે. જો આ સવારી કોઈ એક બાજુ નમી પડે તો લગભગ લોકો ડૂબી જાય છે અને જો બચી જાય તો એ હાલમાં કિનારા સુધી પહોંચે છે કે કાંપતા રહે છે.

હઝરત ઉમર رضی اللہ عنہ એ જ્યારે હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ ના પત્રના આ લખાણને જ્યારે વાંચ્યું તો હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ ને લખ્યું કે, ખુદાની ક઼સમ ! હું આવી સવારી પર મુસલમાનોને સવાર નથી કરી શકતો. *(તારીખુલ ખુલફા–૧૦૬)*

આ રીતે હઝરત ઉમર رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં ક઼િબરસ પર મુસલમાનોનો હુમ્લો ન થઈ શક્યો. પરંતું જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નો જમાનો આવ્યો તો તેમના હુકમથી હિ.સ. ૨૭ માં જહાઝ થકી હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ લશ્કર લઈ જઈને ક઼િબરસ પર હુમ્લો કર્યો અને તેને ફતહ કરી લીધું અને જિઝિયો લેવાની શર્ત મંઝૂર કરી લીધી.

જે લશ્કરે દરિયાઈ માર્ગે જઈને ક઼િબરસ પર હુમ્લો કર્યો હતો તે લશ્કરમાં મશ્હૂર સહાબી હઝરત ઓબાદા બિન સામિત رضی اللہ عنہ પોતાનાં પત્ની મોહતરમા હઝરત ઉમ્મે હરામ બિન્તે મિલ્હાન અન્સારિયા رضی اللہ عنہا ની સાથે હાજર હતા. આપનાં પત્ની જાનવર

પરથી પડીને ઈન્તેકાલ કરી ગયાં તો તેમને ત્યાં ક઼િબરસમાં દફન કરી દેવામાં આવ્યાં. **આ લશ્કરના વિશે અલ્લાહના મહબૂબ દાનાએ ગોયૂબ صلی اللہ علیہ وسلم એ આગાહી કરી હતી કે ઓબાદા બિન સામિતનાં પત્ની પણ એ લશ્કરમાં હશે અને ક઼િબરસમાં જ એમની ક઼બર બનશે.** જેથી આ પેશનગોઈ શબ્દે શબ્દ સહીહ સાબિત થઈ. અને કેમ ન થાય કે નદીનો વહેતો પ્રવાહ રોકાય શકે છે, ઝાડ પોતાના સ્થાનેથી હટી શકે છે બલ્કે મહાનથી મહાન પહાડ પોતાની જગાએથી ખસી શકે છે પણ અલ્લાહના મહબૂબ પ્યારા મુસ્તફા صلی اللہ علیہ وسلم નું ફર્માન નથી ટળી શકતું.

અને આ જ હિ.સ. ૨૭ માં જુરજાન તથા દારેબજરદ ફતહ થયાં અને એ જ વરસે જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ અબ્દુલ્લાહ બિન સઅદ બિન અબી સરહને મિસરના ગવર્નર બનાવ્યા તો તેમણે મિસર પહોંચીને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના હુકમથી આફ્રિકા પર હુમ્લો કર્યો અને તેને ફતહ કરીને સર્વ સલ્તનતોને ઈસ્લામી હુકૂમતમાં સામેલ કરી લીધી. એ જંગમાં એટલા પ્રમાણમાં માલે ગનીમત મુસલમાનોને મળ્યો કે દરેક સિપાહીને એક એક હજાર દીનાર અને અમુક રિવાયતોના પ્રમાણે ત્રણ ત્રણ હજાર દીનાર મળ્યા. **દીનાર સાડા ચાર માશા સોનાનો એક સિક્કો હોય છે.** આ મહાન ફતહ પછી એ જ હિ.સ. ૨૭ માં સ્પેન એટલે હિસ્પાનિયા પણ ફતહ થઈ ગયું અને હિ.સ. ૨૯ માં હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના હુકમથી ઉસ્તુખર, ક઼સા અને એ ઉપરાંત અન્ય બીજા પ્રદેશો પણ ફતહ થયા.

અને હિ.સ. ૩૦ માં જૂર, ખુરાસાન તથા નીશાપુર સુલહ થકી ફતહ થયાં. એ જ પ્રમાણે ઈરાનના બીજા શહેર તૂસ, સરખસ, મરૂ તથા બયહક઼ પણ સુલહથી ફતહ થયાં. આટલા પ્રમાણની ફતહોથી અગણિત માલે ગનીમત ચો તરફથી ખિલાફતના



પાટનગરમાં પહોંચવા લાગ્યો તો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને એ માલોની હિફાઝતના માટે કેટલાય સુરક્ષિત ખજાના બનાવવા પડયા, અને લોકોમાં એટલા વિશાળ દિલી સાથે માલ વહેંચ્યો કે એક એક વ્યક્તિને એક એક લાખ બુદરા મળ્યા, જ્યારે કે એક બુદરા દસ હજાર દિરહમનો થાય છે. *(તારીખુલ ખુલફા–૧૦૬)*

## ★ આપની કરામતો ★

પ્યારા વાંચકો ! હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ થકી કેટલીયે કરામતો પ્રદર્શિત થયેલી છે જેમાંથી અમુક કરામતો આપ હઝરાતની સામે રજૂ કરવામાં આવે છે.

અલ્લામા તાજુદ્દીન સુબ્કી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ પોતાની કિતાબ "તબક઼ાત"માં લખ્યું છે કે એક શખ્સે રસ્તે ચાલતાં એક અજનબી સ્ત્રીને તાકી તાકીને ગલત નિગાહે જોયું. ત્યાર બાદ એ શખ્સ અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની પાસે હાજર થયો. તે શખ્સને જોઈને હઝરત અમીરુલ મોમિનીને અતિશય ગુસ્સા ભર્યા લહેજામાં ફર્માવ્યું કે તમે લોકો એવી હાલતમાં મારી સમક્ષ આવો છો કે તમારી આંખોમાં ઝિનાની અસરો હોય છે ! તે શખ્સે ઉશ્કેરાયને કહ્યું કે શું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પછી તમારા પર વહી ઉતરવા લાગી છે ?! આપને એ કેવી રીતે જાણ થઈ ગઈ કે મારી આંખોમાં ઝિનાની અસરો છે ?

અમીરુલ મોમિનીને કહ્યું કે મારા ઉપર વહી તો નથી આવતી પણ મેં જે કાંઈ કહ્યું છે એ તદ્દન સત્ય કથન અને સાચી વાત છે. અને ખુદાવંદે કુદ્દુસે મને એક એવી ફરાસત (દિવ્ય દષ્ટિ) અતા કરી છે જેના થકી હું લોકોના દિલોના હાલાત તથા ખયાલોને માલૂમ કરી લઉં છું. *(કરામતે સહાબા બહવાલા હુજ્જતુલ્લાહિ અલલ આલમીન, ૨/૮૬૨)*

અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما રિવાયત કરે છે કે અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ મસ્જિદે નબવીના મિમ્બરે અક્દસ પર ખુત્બો પઢી રહ્યા હતા એવામાં એકાએક એક બદનસીબ અને ખબીસુન્નફસ માણસ જેનું નામી 'જહમ ગિફારી' હતું તે ઉભો થઈ ગયો અને આપના હાથ મુબારકથી અસા છીનવીને તેને તોડી નાખી. આપે આપની સહનશક્તિ તથા હયાના કારણે તેનાથી કોઈ બદલો ન લીધો પરંતુ ખુદા તઆલાની કહ્હારી તથા જબ્બારીએ આ બેઅદબી તથા ગુસ્તાખી પર એ મરદૂદને એવી સજા આપી કે તેના હાથમાં કેન્સરની બીમારી થઈ ગઈ અને તેનો હાથ સડીને પડી ગયો અને તે આ સજા પામીને એક વરસની અંદર જ મૃત્યુ પામ્યો. *(હવાલો : ઉપર મુજબ)*

અને હઝરત અબૂ કિલાબા رضی اللہ عنہ નું બયાન છે કે હું શામ દેશની ભૂમીમાં હતો. મેં એક શખ્સને વારંવાર એવો અવાજ આપતો સાંભળ્યો કે, "અફસોસ ! મારા માટે જહન્નમ છે !" હું ઉઠીને એ શખ્સની પાસે ગયો તો એ જોઈને અચંબામાં પડી ગયો કે તે શખ્સના બંનેવ હાથ તથા બંનેવ પગો કપાયેલા છે અને તે બંનેવ આંખોથી આંધળો છે અને પોતાના ચહેરાભેર જમીન પર ઊંધો પડયો રહીને વારંવાર એ જ કહી રહ્યો છે, "હાય અફસોસ ! મારા માટે જહન્નમ છે !" આ દશ્ય જોઈને મારાથી રહેવાયું નહીં અને મેં તેને પૂછયું કે હે શખ્સ ! તારો શો હાલ છે ? અને શાથી તથા ક્યા કારણે તને પોતાના જહન્નમી હોવાની ખાત્રી છે ? આ સાંભળીને તેણે કહ્યું કે હે શખ્સ ! મારો હાલ ન પૂછ ! હું તે બદનસીબ લોકોમાંથી છું જે અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને કત્લ કરવાના માટે એમના મકાનમાં ઘુસી ગયા હતા. જ્યારે હું તલ્વાર લઈને એમની નજીક પહોંચ્યો તો તેમનાં પત્નીએ મને



ધમકાવીને શોર મચાવવાનો શરૂ કર્યો તો મેં તેમના બીવી સાહેબાને એક થપાડ મારી દીધી. આ જોઈને અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ દુઆ માગી કે, "અલ્લાહ તઆલા તારા બંનેવ હાથો તથા બંનેવ પગોને કાપી નાખે અને તારી બંનેવ આંખોને આંધળી કરી નાખે અને તને જહન્નમમાં ફેંકી આપે !" હે શખ્સ ! હું અમીરુલ મોમિનીનના પુર જલાલ ચહેરાને જોઈને અને તેમની આ ગઝબનાક દુઆને સાંભળીને કાંપી ઉઠયો અને મારા શરીરનું એક એક રવું ઉભુ થઈ ગયુ અને હું ડર તથા ભયથી કાંપતો કાંપતો ત્યાંથી ભાગી નીકળ્યો.

અમીરુલ મોમિનીનની ચાર દુઆઓમાંથી ત્રણ દુઆઓના હેઠળ તો હું આવી ચૂક્યો છું. તમે જોઈ રહ્યા છો કે મારા બંનેવ હાથ પગો કપાઈ ચૂક્યા, બંનેવ આંખો આંધળી થઈ ચૂકી, હવે કેવળ ચોથી દુઆ એટલે મારે જહન્નમમાં પડવાનુ બાકી રહી ગયું છે અને મને યકીન છે કે આ મામલો પણ યકીનન થઈને રહેશે, જેથી હવે એનો જ ઈંતેઝાર કરી રહ્યો છું અને મારા જુર્મને વારંવાર યાદ કરીને શર્મિંદો થઈ રહ્યો છું અને પોતાના જહન્નમી હોવાનો ઈકરાર કરું છું. *(હવાલો : ઉપર મુજબ)*

ઉપરોક્ત ત્રણેવ બનાવો અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની મહાન કરામતો છે જે આપની શાને જલાલત તથા બારગાહે ખુદાવંદીમાં આપની મકબૂલિયત તથા વિલાયતની ઉઘાડી નિશાનીઓ છે.

## ★ આપની સખાવતનો એક અજીબ બનાવ ★

નબી કરીમ صلی اللہ علیہ وسلم ની બારગાહમાં એક શખ્સ હાજર થાય છે અને અર્ઝ કરે છે કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારે પુત્રીઓની શાદી કરવાની છે અને હું પોતે ખૂબ જ તંગદસ્ત છું તો નઝરે કરમ

ફર્માવો ! આપ ﷺએ તે શખ્સને ફર્માવ્યું કે, તમો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની પાસે જાવ અને તમારો મુદ્દો પેશ કરો. તો તે શખ્સ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના ઘરે પહોંચે છે. તો તેને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہનો અવાજ સંભળાયો કે પોતાના ગુલામને ધમકાવી રહ્યા હતા કે તેં દીવાની જ્યોત મોટી કરી આપી, જો નાની રાખી હોત તો ઓછુ તેલ બળત જે બીજા દિવસે કામ લાગત ! પેલો શખ્સ આ વાત સાંભળીને પાછો ચાલ્યો ગયો, એમ વિચારીને કે જે અમુક ટીપાં તેલ માટે પોતાના ગુલામને ધમકાવી રહ્યા છે તે મને શું આપી શકશે ! તે શખ્સ હુઝૂર ﷺ પાસે પહોંચતાં પૂછયું કે તમે ગયા નહીં ! અર્ઝ કરી, સરકાર ! હિંમત ન થઈ ! આપે ફરી ફર્માવ્યું, જાવ ! અને તમારી વાત રજૂ કરો. જ્યારે તે શખ્સ ફરી ત્યાં પહોંચે છે તો તેને સંભળાયું કે, હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ પોતાનાં પત્નીને કહી રહ્યા હતા કે તેં શાકમાં મીઠુ વધારે નાખી દીધું, જો ઓછુ નાખ્યુ હોત તો તે બીજા સમયે કામ આવત ! આ સાંભળી તે શખ્સ પરત થઈ ગયો, એમ વિચારીને કે જે શખ્સ એક બે કાંકરી મીઠા માટે પત્ની પર ગુસ્સે થઈ રહેલ છે તે મને શું આપી શકશે ! ફરી હુઝૂર ﷺ પાસે તે શખ્સ પહોંચ્યો તો નબી કરીમ ﷺએ તેને ફર્માવ્યું કે જાવ ! અને કહેજે કે મને અલ્લાહના રસૂલ ﷺએ મોકલ્યો છે !

હવે તે શખ્સ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ પાસે પહોંચે છે તો આપ શાંત બેઠેલા હતા. પેલા શખ્સે જતાં જ સલામ સાથે જણાવ્યું કે મને રસૂલુલ્લાહ ﷺએ આપની પાસે મોકલ્યો છે અને મારી આ હાજત છે ! તો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ખૂબ જ ખુશીભેર તે શખ્સને આવકારે છે અને પોતાનો ખજાનો જ્યાં હતો ત્યાં લઈ જાય છે અને કહે છે કે, "જે ચાહો જેટલુ ચાહો લઈ જાવ !" આ વર્તન જોતાં તે શખ્સ આશ્ચર્યમાં ડૂબી જાય છે. અને પોતાના



આશ્ચર્યને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ સમક્ષ પ્રદર્શિત કરે છે કે એક તરફ તમે અમુક ટીપાં તેલ માટે ગુલામને ધમકાવતા હતા તથા બે ચાર કાંકરી મીઠા માટે પત્નીને બોલતા હતા અને બીજી બાજુ આ સખાવત ?! તો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ જણાવ્યું કે, એ ખર્ચ મારી જાતના માટે થતો હતો જેથી એમાં કસર કરવામાં આવી, પણ સાંભળી લો ! મારી જાન ! મારો માલ ! એના માલિક છે જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ! તો તમને તો માલિકે મોકલ્યા છે ! જે ચાહો લઈ જાવ !" આ હતી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની સખાવત અને આને કહેવાય છે ઈશ્કે રસૂલ ! ﷺ.

## ★ આપની શહાદત ★

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નો ખિલાફતકાળ કુલ ૧૨ વર્ષ રહ્યો. શરૂના છ વરસોમાં લોકોને આપનાથી કોઈ શિકાયત ન થઈ, બલ્કે એ વરસોમાં હઝરત ઉમર رضی اللہ عنہ કરતાં પણ લોકોમાં અધિક મકબૂલ તથા મહબૂબ રહ્યા. એટલા માટે કે હઝરત ઉમર رضی اللہ عنہના મિઝાજમાં કાંઈક કડકાઈ હતી અને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہમાં કડકાઈનું અસ્તિત્વ ન હતું. આપ ખૂબ જ બામુરવ્વત હતા. પરંતુ પાછલાં છ વરસોમાં અમુક ગવર્નરોના લીધે લોકોને આપનાથી શિકાયત થઈ ગઈ. આપે અબ્દુલ્લાહ ઈબ્ને અબી સરહને મિસરનો ગવર્નર નિમ્યો. હજી અબ્દુલ્લાહની નિયુક્તિને કેવળ બે વરસો ગુજર્યા હતાં એવામાં મિસરના લોકોને તેમનાથી શિકાયતો ઉભી થઈ. તેમણે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી શિકાયત કરી તો આપે પત્ર દ્વારા અબ્દુલ્લાહને સખત ચેતવણી આપી અને તાકીદ કરી કે ખબરદાર ! હવે પછી તમારી કોઈ ફરિયાદ મારી પાસે ન આવવી જોઈએ, પણ અબ્દુલ્લાહે આપના પત્રની કોઈ પરવા ન કરી બલ્કે મિસરના જે લોકો પાટનગર મદીના શરીફમાં શિકાયત લઈને ગયા હતા તેમને કત્લ

કરી નાખ્યા, એનાથી મિસરની હાલત અધિક ખરાબ થઈ ગઈ, ત્યાં સુધી કે ત્યાંથી સાતસો માણસો મદીના શરીફ આવ્યા. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને અબ્દુલ્લાહના જુલ્મો વર્ણવ્યા અને અન્ય સહાબાએ કિરામને પણ ફરિયાદો કરી. તો અમુક સહાબાએ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ સાથે કડકાઈપૂર્વક વાતચીત કરી અને ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاએ આપની પાસે કહેણ મોકલ્યું કે રસૂલુલ્લાહ ﷺના સહાબીઓ આપની પાસે આવ્યા છે અને અબ્દુલ્લાહ ઈબ્ને અબી સરહ જેના પર ક઼ત્લનો આક્ષેપ છે તેની બરતરફીની આપનાથી માગણી કરે છે પણ આપ તેમની વાતો પર ધ્યાન નથી આપતા. તમારે જોઈએ કે એવા શખ્સને યોગ્ય સજા આપો.

અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم તશરીફ લાવ્યા, તેમણે પણ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને કહ્યું કે આ લોકો નાહક્ક઼ ક઼ત્લના સબબે મિસરના ગવર્નરની બરતરફી ચાહે છે તો આપ આ મામલામાં ઈન્સાફ કરો, અને અબ્દુલ્લાહ ઈબ્ને અબી સરહની જગાએ કોઈ અન્યને ગવર્નર નિયુક્ત કરી આપો. આપે મિસરના લોકોને ફર્માવ્યું કે આપ લોકો જાતે જ કોઈને ગવર્નર ચૂંટી કાઢો, હું અબ્દુલ્લાહ ઈબ્ને અબી સરહને બરતરફ કરીને આપ લોકોના ચૂંટેલા ગવર્નરને નિયુક્ત કરીશ. એ લોકોએ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના સાહબઝાદા મુહમ્મદ ઈબ્ને અબૂબક્ર رضی اللہ عنہને પસંદ કર્યા. (رضی اللہ عنہما). અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ તે લોકોની પસંદગીને મંઝૂર કરી લીધી અને હઝરત મુહમ્મદ બિન અબૂબક્ર رضی اللہ عنہماના માટે નિયુક્તિ પત્ર અને અબ્દુલ્લાહ બિન અબી સરહના બારામાં બરતરફીનું લખાણ લખી આપ્યું. મુહમ્મદ બિન અબૂબક્ર મિસરથી આવેલા સાતસો માણસો તથા કેટલાક અન્સાર તથા મુહાજિરોની સાથે મિસરના માટે રવાના થયા.



મદીના મુનવ્વરાથી હજી કાફલો ત્રીજી જ મંઝિલ પર હતો એવામાં એક હબ્શી ગુલામ સાંઢણી પર બેસીને ખૂબ જ ઝડપભેર મિસરની તરફ જતો જોવા મળ્યો. તેના હાલચાલ અને તેની તેજ રફતારીથી જણાતુ હતું કે આ ગુલામ ક્યાં તો પોતાના માલિકથી નાસી છૂટેલો છે અથવા તો કોઈનો ક઼ાસિદ છે. કાફલાવાળાઓએ તેને આગળ વધીને પકડી લીધો અને પૂછયું કે તું કોણ છે ? તું ક્યાંકથી નાસી છૂટેલો છે કે તને કોઈની તલાશ છે ? તેણે કહ્યું કે હું અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہનો ગુલામ છું. પછી કહ્યું કે મરવાનનો ગુલામ છું. હઝરત મુહમ્મદ બિન અબૂબક્ર رضی اللہ عنہએ પૂછયું કે તને ક્યાં મોકલવામાં આવ્યો છે ? તેણે કહ્યું કે મને મિસરના ગવર્નર અબ્દુલ્લાહ બિન અબી સરહની પાસે મોકલવામાં આવ્યો છે. તેની તલાશી લેવામાં આવી તો એના સૂકા મશકમાંથી એક પત્ર નીકળ્યો જે અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની તરફથી મિસરના ગવર્નર અબ્દુલ્લાહ ઈબ્ને અબી સરહના નામે હતો. મુહમ્મદ બિન અબૂબક્રએ સર્વ લોકોને ભેગા કર્યા અને એ સર્વની સમક્ષ પત્ર ખોલ્યો જેમાં લખ્યુ હતું કે, "જ્યારે મુહમ્મદ બિન અબૂબક્ર તથા ફલાણા ફલાણા તમારી પાસે પહોંચે તો તેમને કોઈ બહાનાથી ક઼ત્લ કરી આપો. તેમના પત્રને રદ ગણો અને જ્યાં સુધી મારું બીજુ હુકમનામુ ન આવે ત્યાં સુધી પોતાના હોદ્દા પર ચાલુ રહેશો."

આ પત્રને વાંચીને કાફલાવાળા સર્વ લોકો દંગ રહી ગયા. મુહમ્મદ બિન અબૂબક્રએ એ પત્ર પર સાથેના કેટલાક જિમ્મેદાર લોકોની મહોરો લગાવડાવી લીધી અને તેને એક શખ્સને સોંપી દીધો અને સર્વ લોકો ત્યાંથી મદીના મુનવ્વરા પરત થઈ ગયા. જ્યારે ત્યાં પહોંચ્યા તો હઝરત અલી, હઝરત તલ્હા, હઝરત ઝુબૈર, હઝરત સઅદ તથા અન્ય સહાબાએ કિરામ

رضوان اللہ تعالیٰ علیہم اجمعینને એકત્ર કરીને તેમની સામે પત્ર ખોલીને સૌને વંચાવ્યો અને તે હબ્શી ગુલામનો પૂરો બનાવ સંભળાવ્યો. એનાથી સર્વ લોકો ખૂબ જ ગુસ્સે થયા અને સર્વ સહાબાએ કિરામ ગુસ્સામાં ભરાઈને પોત પોતાના ઘરે પરત થઈ ગયા. પણ મુહમ્મદ બિન અબૂબક્રએ પોતાના કૂબીલા બનૂ તમીમ તથા મિસરીઓની સાથે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના ઘરને ઘેરી લીધું.

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ જ્યારે આ સ્થિતિ જોઈ તો હઝરત તલ્હા, હઝરત ઝુબૈર, હઝરત સઅદ, હઝરત અમ્માર તથા અન્ય સહાબાએ કિરામની સાથે અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના મકાન પર તશરીફ લઈ ગયા. તેમની સાથે તે પત્ર, ગુલામ તથા ઊંટણી પણ હતી જે રસ્તામાં પકડવામાં આવી હતી. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને પૂછયું કે શું આ ગુલામ તમારો છે ? તેમણે કહ્યું કે હા ! આ ઊંટણી પણ મારી છે. પછી હઝરત અલીએ પેલો પત્ર રજૂ કર્યો અને પૂછયું કે આ પત્ર તમે લખ્યો છે ? તેમણે કહ્યું કે નહીં ! અને ખુદા તઆલાની કૂસમ ખાઈને કહ્યું કે ન મેં પત્ર લખ્યો છે ન કોઈને લખવાનો હુકમ આપ્યો છે અને ન મને એના બારામાં કોઈ ઈલ્મ છે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ કહ્યું કે ઘણા જ આશ્ચર્યની વાત છે કે ઊંટણી તમારી તથા ખત પર મોહર પણ તમારી છે જેને આપનો જ ગુલામ અહીંથી લઈને જઈ રહ્યો હતો પણ આપને કોઈ જાણ નથી ?! તો પછી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ કૂસમ ખાઈને ફર્માવ્યું કે મેં આ પત્રને ન લખ્યો છે ન કોઈથી લખાવ્યો છે અને ન મેં ગુલામને આ પત્ર આપીને રવાના કર્યો છે.

જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ કૂસમ ખાઈને પોતાની અલાઈદગી જાહેર કરી તો દરેક વ્યક્તિને યકીન થઈ ગયું કે તેમનો



દામન આ જુર્મથી પાક છે. લોકોએ લખાણને ધ્યાનપૂર્વક જોયું તો ખયાલ કર્યો કે આ લખાણ મરવાનનું છે અને સઘળી શરારત એની જ છે. મરવાન તે વખતે અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના ઘરમાં મૌજૂદ હતો. લોકોએ કહ્યું કે આપ એને અમારા હવાલે કરી દો. તો આપે ઈન્કાર કર્યો, કેમ કે એ લોકો ગુસ્સે ભરાયેલા હતા જેથી મરવાનને સજા આપત અને તેને કૂત્લ કરી નાખત, જો કે લખાણથી સંપૂર્ણ યકીન નથી થતું એટલા માટે કે એક લખાણ બીજા લખાણને મલત્ જુલતુ હોય શકે છે, તો એમને મરવાનનું લખાણ હોવાની કેવળ શંકા હતી અને શંકાનો લાભ હમેશાં મુજરિમને મળે છે. એટલા માટે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ મરવાનને એમના સુપ્રત ન કર્યો. તદ્ઉપરાંત એને સોંપી દેવામાં ઘણા જ મહાન ફિત્નાનો ખતરો હતો.

સારાંશ કે જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ મરવાનને લોકોને સોંપવાથી ઈન્કાર કરી આપ્યો તો સહાબાએ કિરામ તેમનામાંથી ઉઠીને ચાલ્યા ગયા, અને આપસમાં કહી રહ્યા હતા કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ કદી જૂઠી કૂસમ નથી ખાઈ શકતા, પણ કેટલાક લોકો એ પણ કહી રહ્યા હતા તે શંકાથી મુક્ત નથી થઈ શકતા જ્યાં સુધી મરવાનને આપણને સોંપી ન દે અને આપણે એનાથી તેહકીક ન કરી લઈએ, અને એ માલૂમ ન થઈ જાય કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના સહાબીઓને કૂત્લ કરવાનો હુકમ શા માટે આપવામાં આવ્યો. જો એ વાત સાબિત થઈ ગઈ કે પત્ર એમણે જ લખ્યો છે તો અમે તેમને ખિલાફતથી અલગ કરી દઈશું અને જો એ વાત સાબિત થઈ જાય કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની તરફથી મરવાને પત્ર લખ્યો છે તો અમે એને સજા આપીશું.

## ★ ઘેરાવમાં સખ્તી ★

જ્યારે અગ્રગણ્ય સહાબીઓ પોત પોતાના ઘરે ચાલ્યા ગયા

તો બળવા ખોરોએ ઘેરાવમાં સખ્તી પેદા કરી દીધી, ત્યાં સુધી કે તેમના પર પાણી સુધ્ધાં બંધ કરી આપ્યું. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ ઉપરથી ઝાંકીને મજમાને પૂછયું કે તમારામાં અલી છે ? લોકોએ કહ્યું કે, નથી ! પછી આપે પૂછયું કે શું તમારામાં સઅદ મૌજૂદ છે ? જવાબ આપ્યો કે સઅદ પણ નથી. આ જવાબ સાંભળીને આપ થોડીવાર ખામોશ રહ્યા ત્યારબાદ ફર્માવ્યું કે અલીને એ ખબર પહોંચાડો કે તે અમારા માટે પાણી પૂરું પાડે. જયારે હઝરત અલી رضی اللہ عنہને ખબર પહોંચી ગઈ તો તેમણે આપના માટે પાણીથી ભરેલા ત્રણ મશકો મોકલ્યા, પણ ખૂબ જ મુશ્કેલીપૂર્વક આપના સુધી પહોંચ્યું કે એના સબબે બની હાશિમ તથા બની ઉમૈયાના કેટલાયે ગુલામ ઝખ્મી થઈ ગયા. આ બનાવથી હઝરત અલીને એ વાતનો અંદાઝો થઈ ગયો કે લોકો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને કત્લ કરવા ચાહે છે જેથી આપે આપના બંનેવ સાહબઝાદાઓ એટલે હઝરત ઈમામ હસન તથા હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہماને ફર્માવ્યું કે તમે બંનેવ પોતપોતાની તલ્વારો લઈને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના દરવાજા પર જાવ અને પહેરદારો જેમ સાવધાન ઉભા રહેશો, અને ખબરદાર ! કોઈ પણ બળવાખોરને અંદર હરગિઝ જવા ન દેશો. એ જ પ્રમાણે હઝરત તલ્હા, હઝરત ઝુબૈર તથા અન્ય અગ્રગણ્ય સહાબીઓએ પોતપોતાના પુત્રોને અમીરુલ મોમિનીનના દરવાજા પર મોકલી આપ્યા જેઓ સતત સતર્કતાથી હિફાઝત કરતા રહ્યા. *(તારીખુલ ખુલફા)*

હઝરત શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ લખે છે, જયારે બળવાખોરોએ ઘેરાવ સખત કરી આપ્યો તો હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થોડાક મુહાજિરો સાથે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના દૌલતખાના પર તશરીફ લાવ્યા અને તેમને



કહેવા લાગ્યા કે આ જેટલા પ્રમાણમાં બળવાખોરો તમારા પર ચઢી આવ્યા છે તેઓ એ જ છે જેઓ અમારી તલ્વારોથી મુસલમાન થયા છે અને હજી પણ ડરના માર્યા કપડાંમાં જ પાખાનુ કરી નાખે છે. આ સૌ શૈખીઓ તથા ઊંચી ઊંચી ઉડાનો એટલા માટે છે કે તેઓ કલમો પઢે છે, તમો કલમાની અદબનો લેહાઝ કરીને બેઠા છો. જો તમે હુકમ આપો તો અમે એમને એમની હકીકતનું ભાન કરાવી દઈએ અને તેમની ભૂલાય ગયેલી વાત તેમને ફરી યાદ અપાવી દઈએ. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ ફર્માવ્યું, ખુદાની કસમ ! એવી વાત ન કહો ! કેવળ મારી જાનને ખાતર ઈસ્લામમાં હરગિઝ ફાટફૂટ ન પેદા કરો.

પછી આપના સર્વ ગુલામો જે એક ફોજ જેટલા હતા. શસ્ત્ર સજ્જ થઈને આપની સામે આવ્યા અને ખૂબ બેચેનીપૂર્વક આપને કહેવા લાગ્યા કે અમે તે જ તો છીએ જેમની તલ્વારોનો પ્રતિકાર ખુરાસાનથી લઈને આફ્રિકા સુધી કોઈ ન કરી શક્યું. જો આપ ઈજાઝત આપો તો અમે ઘમંડીઓને તેમના કામનો તમાશો દેખાડી દઈએ. વાતચીત તથા ચર્ચા થકી તેઓ ઠેકાણે આવી શકતા નથી. તેઓ જાણે છે કે કલમાની હુર્મતના કારણે અમને કોઈ છેડશે નહીં એટલા માટે તેઓ સીધા માર્ગે નથી આવતા. અને આપની તથા અન્ય અગ્રગણ્ય સહાબીઓની વાતોને રજ માત્ર મહત્વ નથી આપતા, જેથી આપ અમને એમની સાથે લડવાની રજા આપી દો.

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ ગુલામોને ફર્માવ્યું કે જો તમે લોકો મારી રઝા તથા ખુશ્નુદી ચાહો છો અને મારી નેઅમતનો હક્ક અદા કરવા ચાહો છો તો હથિયાર ખોલી આપો અને પોતપોતાની જગાએ જઈને બેસો અને સાંભળી લો કે તમારા લોકોમાંથી જે કોઈ પણ હથિયાર ખોલી આપે તેને મેં આઝાદ

કર્યો. અલ્લાહની કસમ ! ખૂનરેજીથી પહેલાં મારુ કત્લ થઈ જવું મને અધિક પ્રિય છે એનાથી કે હું ખૂનરેજી પછી કત્લ થાઉં. મતલબ એ છે કે મારી શહાદત લખી દેવામાં આવી છે અને અલ્લાહના રસૂલ ﷺએ એની બશારત મને આપી દીધેલી છે, જો તમે લોકોએ બળવાખોરો સાથે જંગ પણ કરી તો પણ હું જરૂર કત્લ કરી દેવામાં આવીશ, જેથી તેમની સાથે લડવામાં કોઈ ફાયદો નથી.

## ★ બળવાખોરોનું આપને શહીદ કરવું ★

મુહમ્મદ બિન અબૂબક્રએ જ્યારે જોયું કે દરવાજા પર આવો સખત પેહરો છે કે અંદર પહોંચવું મુશ્કેલ છે તો તેમણે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ પર તીર ચલાવવાનું શરૂ કરી આપ્યું જેમાંથી એક તીર હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ને લાગી ગયું અને આપ ઝખ્મી થઈ ગયા. એક તીર મરવાનને પણ વાગ્યું, મુહમ્મદ બિન તલ્હા પણ ઝખ્મી થઈ ગયા. અને એક તીરથી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના ગુલામ કંબર પણ ઝખ્મી થઈ ગયા. મુહમ્મદ બિન અબૂબક્રએ લોકોને ઝખ્મી જોયા તો તેમને ડર લાગ્યો કે બની હાશિમ હઝરત હસન તથા અન્ય લોકોને ઝખ્મી જોશે તો તેઓ અકડાઈ ઉઠશે આ રીતે એવી નવી મુસીબત પેદા થઈ જશે, જેથી તેમણે બે માણસોના હાથ પકડીને તેમને કહ્યું કે જો બની હાશિમ અત્યારે આવી ગયા અને તેમણે હઝરત હસનને ઝખ્મી હાલતમાં જોઈ લીધા તો તેઓ આપણી સાથે ઝઘડી પડશે અને આપણો સઘળો મનસૂબો ધૂળમાં મળી જશે જેથી મારી સાથે ચાલો, આપણે પડોશના મકાનમાં પહોંચીને (હઝરત) ઉષ્માનના ઘરમાં કૂદી પડીશું અને તેમને કત્લ કરી દઈશું. આ વાતચીત પછી મુહમ્મદ બિન અબૂબક્ર પોતાના બે સાથીઓની સાથે એક અન્સારીના મકાનમાં ઘુસી થયા અને ત્યાં છત કૂદીને હઝરત ઉષ્માન ગની



رضی اللہ عنہના મકાનમાં પહોંચી ગયા અને એમના પહોંચવાની અન્ય લોકોને ખબર ન પડી, એટલા માટે કે જે લોકો ઘરમાં મૌજૂદ હતા તે છત પર હતા, નીચે અમીરુલ મોમિનીનની પાસે કેવળ એમના પત્ની સાહેબા હઝરત નાઈલા رضی اللہ عنہا બેઠેલાં હતાં. સૌ પ્રથમ મુહમ્મદ બિન અબૂબક્રએ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની પાસે પહોંચીને તેમની દાઢી પકડી લીધી તો અમીરુલ મોમિનીને તેમને ફર્માવ્યું, જો તમારા પિતા હઝરત અબૂબક્ર જીવતા હોત અને તમને મારી સાથે આવી ગુસ્તાખી કરતાં જોઈ લેતા તો તે શું કહેત ?! આ વાતને સાંભળીને મુહમ્મદ બિન અબૂબક્રએ તેમની દાઢી છોડી આપી પરંતું એ દરમ્યાન તેમના બંનેવ સાથી આવી પહોંચ્યા તેઓ અમીરુલ મોમિનીન પર તૂટી પડયા અને તેમને ખૂબ જ ક્રુરતાપૂર્વક શહીદ કરી આપ્યા. (اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَیْهِ رَاجِعُوْنَ)

જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ પર હુમ્લો થયો અને દુશ્મન તેમને શહીદ કરી રહ્યા હતા એ વખતે આપનાં પત્ની મોહતરમા હઝરત નાઈલા رضی اللہ عنہاએ ખૂબ જ ચીસો પાડી પરંતું બળવાખોરોએ ખૂબ જ શોર મચાવી રાખ્યો હતો જેથી આપની ચીસોનો પુકાર કોઈને સંભળાયો નહીં. આપની શહાદત પછી તે કોઠા પર ગયાં અને લોકોને બતાવ્યું કે અમીરુલ મોમિનીનને શહીદ કરી દેવામાં આવ્યા છે. લોકોએ નીચે ઉતરીને જોયું તો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہનું આખુ શરીર લોહીથી ખરડાયેલ હતું અને તેમની રૂહ પરવાઝ કરી ચૂકી હતી.

અમુક રિવાયતોમાં છે કે શહાદતના સમયે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ કુર્આને મજીદની તિલાવત કરી રહ્યા હતા, જ્યારે તલ્વાર વાગી તો આયતે કરીમા : فَسَیَکْفِیْکَهُمُ اللّٰهُ પર લોહીના અમુક ટીપાં પડયાં અને આપનાં પત્ની સાહેબા હઝરત નાઈલા رضی اللہ عنہاએ તલ્વારના વારને જ્યારે પોતાના હાથો વડે રોક્યો તો

તેમની આંગળીઓ કપાઈ ગઈ.

## ★ શહાદત પર હઝરત અલી كرم الله تعالى وجهه الكريم નો ગુસ્સો ★

જ્યારે હઝરત અલી, હઝરત તલ્હા, હઝરત ઝુબૈર, હઝરત સઅદ તથા અન્ય સહાબીઓ તથા મદીનાવાસીઓ رضوان الله تعالى عليهم اجمعين ને આપની શહાદતની ખબર મળી તો સૌના હોશ ઉડી ગયા. આપના મકાન પર આવ્યા અને આપને શહીદ જોઈને اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ પઢયું અને હઝરત અલીને આ બનાવથી એટલો ગુસ્સો આવ્યો કે હઝરત ઈમામ હસનને એક તમાચો અને ઈમામ હુસૈનને છાતી પર એક મુક્કો માર્યો અને ફર્માવ્યું, જ્યારે કે તમે બંનેવ દરવાજા પર મૌજૂદ હતા તો અમીરુલ મોમિનીનને કઈ રીતે શહીદ કરી દેવામાં આવ્યા ? પછી આપે હઝરત તલ્હાના સાહબઝાદા મુહમ્મદ અને હઝરત ઝુબૈરના સાહબઝાદા અબ્દુલ્લાહને પણ ધમકાવીને ભલુબુરુ કહ્યું.

જ્યારે હઝરત અલી رضي الله عنه ને જાણ થઈ કે કાતિલ દરવાજેથી પ્રવેશ્યા ન હતા બલ્કે પડોશીના મકાનથી કૂદીને આવ્યા હતા તો આપે હઝરત ઉષ્માન ગની رضي الله عنه નાં પત્ની સાહેબા નાઈલાથી પૂછયું કે અમીરુલ મોમિનીન رضي الله عنه ને કોણે શહીદ કર્યા ? તેમણે કહ્યું કે હું એ લોકોને નથી ઓળખતી જેમણે અમીરુલ મોમિનનને શહીદ કર્યા, અલ્બત્ત તેમની સાથે મુહમ્મદ બિન અબૂબક્ર હતા જેમણે અમીરુલ મોમિનીનની દાઢી પણ પકડી હતી. હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ મુહમ્મદ બિન અબૂબક્રને એના બારામાં પૂછયું તો તેમણે કહ્યું કે હા ! હઝરત નાઈલા સાચુ કહે છે, બેશક ! હું ઘરની અંદર જરૂર પ્રવેશ્યો હતો અને કત્લનો ઈરાદો પણ કર્યો હતો, પરંતુ જ્યારે તેમણે મારા પિતા હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه નો ઉલ્લેખ કર્યો તો હું તેમને છોડીને હટી ગયો. હું મારા આ કૃત્યથી શર્મિંદો છું અને અલ્લાહ તઆલાથી તૌબા તથા ઈસ્તિગફાર કરું



છું. ખુદાની કસમ ! મેં એમને કત્લ નથી કર્યા. ઈબ્ને અસાકિરે કનાના વગેરેથી રિવાયત કરી છે કે હઝરત ઉષ્માન ગની رضي الله عنه ને જેણે શહીદ કર્યા તે મિસરનો રહેવાસી હતો, તેની આંખો માંજરી હતી અને એનુ નામ "હેમાર" હતું. *(તારીખુલ ખુલફા)*

અને અમુક ઈતિહાસકારોએ લખ્યું છે કે આપના કાતિલનું નામ "અસ્વદ" હતું. શક્ય છે કે મુહમ્મદ બિન અબૂબક્ર સાથે બે બળવાખોરો જે આપના મકાનમાં કૂદયા હતા એમાંથી એકનું નામ હેમાર અને બીજાનું નામ અસ્વદ રહ્યું હોય. અલ્લાહ બેહતર જાણકાર છે.

હઝરત ઉષ્માન ગની رضي الله عنه હિ.સ. ૩૫ ઝીલ હજ્જના ઐયામે તશરીકમાં શહીદ થયા જ્યારે આપની ઉમર ૮૨ વરસની હતી. આપના જનાઝાની નમાઝ હઝરત ઝુબૈર رضي الله عنه એ પઢાવી અને આપને હિશ્શે કવકબના સ્થળે જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યા.

**દુર્રે મુન્થૂરે કુર્આં સલક બહી**
**ઝવજ દો નૂર ઈફ્ફત પે લાખોં સલામ**
**યા'ની ઉષ્માન સાહિબે કમીસે હુદા**
**હુલ્લા પોશ શહાદત પે લાખોં સલામ**

